dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 298 | AD - 2026, AshadhVad - 05 | Monday, Dt. 03-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ૧ કરોડથી વધુ યુવાનો, રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, જનપ્રતિનિધિઓ અને સંતો ઓનલાઈન તથા પ્રત્યક્ષ માધ્યમથી જોડાયા

# પીએમ મોદીએ 'ડ્રગ-મુક્ત યુવા, વિકસિત ભારત' અભિયાનનો પ્રારંભ કરાવ્યો

નવી દિલ્હી,તા.૦૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં 'ડ્રગ-મુક્ત યુવા, વિકસિત ભારત' રાષ્ટ્રવ્યાપી જનભાગીદારી અભિયાનની વિધિવત શરૂઆત કરી છે. દેશભરમાં ૨૮,૦૦૦થી વધુ સ્થળોએ આયોજિત આ વિશાળ કાર્યક્રમમાં ૧ કરોડથી વધુ યુવાનો, રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, જનપ્રતિનિધિઓ અને સંતો ઓનલાઈન તથા પ્રત્યક્ષ માધ્યમથી જોડાયા હતા. કાર્યક્રમના પ્રારંભે જ દેશભરના યુવાનોએ ડ્રગ્સ મુક્ત ભારત બનાવવાનો દ્રઢ સંકલ્પ લીધો હતો. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, આ અભિયાન માત્ર એક વ્યક્તિ કે પરિવાર પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે છે. વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દેશનું યુવાધન શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ, આત્મવિશ્વાસુ અને નશા જેવા ઘાતક વ્યસનોથી મુક્ત રહે તે અત્યંત જરૂરી છે.

વડા પ્રધાને શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજના પ્રોફેસરોને ખાસ અપીલ કરી હતી કે તેઓ પોતપોતાના કેમ્પસમાં નશા વિરોધી ઝુંબેશ ચલાવે અને વિદ્યાર્થીઓને આ ચુંગાલમાંથી બહાર નીકળવામાં મદદ કરે. તેમણે નશાની આદત પર વિજય મેળવનારા યુવાનોને 'યોધ્ધા' ગણાવ્યા હતા અને સમાજને તેમનું સન્માન કરવા વિનંતી કરી હતી, કારણ કે ભૂતકાળનો સંબંધ તેમની કાયમી ઓળખ બની શકે નહીં. પરિવારજનોને શિખામણ આપતાં તેમણે કહ્યું કે, જો કોઈ બાળક અજાણતા ડ્રગ્સના વ્યસનમાં ફસાઈ જાય, તો તેને સામાજિક પ્રતિષ્ઠાના ડરે છુપાવવાને બદલે ખુલ્લા મનથી સંવાદ કરવો જોઈએ અને તબીબી સહાય તથા પુનર્વસન કેન્દ્રોની મદદ લેવી જોઈએ. ડ્રગ્સના ગેરકાયદેસર વેપારમાં સંકળાયેલા તત્વો સામે સરકાર કડક કાર્યવાહી કરી રહી હોવાનું પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું.



આ અભિયાન અંતર્ગત આવતા ૧૦૦ રવિવાર સુધી દેશભરમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં રમતગમત, વોકેથોન, ધ્યાન, સાંસ્કૃતિક કાર્યક્રમો, શેરી નાટકો, ચર્ચા મંચ અને કલા સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. કાશીમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ થયેલા આ મિશનમાં હવે ૧૨૫થી વધુ આધ્યાત્મિક સંગઠનો, યુવા જૂથો, ઉદ્યોગ સંસ્થાઓ અને નાગરિક સમાજ જોડાયા છે.કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે સ્વસ્થ નાગરિકો જ સ્વસ્થ સમાજ અને સમૃધ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરે છે. ૧૦૦ અઠવાડિયા સુધી ચાલનારા આ જનભાગીદારી અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાઓ, કોલેજો અને વિવિધ સંગઠનોને એક સામાન્ય પ્લેટફોર્મ પર લાવીને દેશના યુવાધનને સશક્ત અને વ્યસનમુક્ત બનાવી એક સમૃદ્ધ ભારતના નિર્માણમાં સહભાગી બનાવવાનો છે.

# ઓડિશામાં મહાનદીનું પાણી કટક પહોંચતાં પૂરનો ખતરો, ૧૦ જિલ્લાઓ હાઈ એલર્ટ પર

ઓડિશા,તા.૦૨

ઓડિશામાં હીરાકુડ ડેમમાંથી છોડવામાં આવેલું વધારાનું પાણી કટક નજીક મુંડાલી પહોંચતા મહાનદીનું જળસ્તર વધ્યું છે, જેના કારણે ૧૦ દરિયાકાંઠાના જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. મુંડાલી ખાતે પાણીનો પ્રવાહ વધીને ૫.૭૩ લાખ ક્યુસેક થયો છે. જળ સંસાધન વિભાગના જણાવ્યા મુજબ, મહાનદીના પૂરનો સૌથી ખતરનાક તબક્કો પસાર થઈ ગયો છે અને જો વધુ ભારે વરસાદ નહીં પડે તો કોઈ મોટું નુકસાન થશે નહીં. તેમ છતાં, ખોરધા, કટક, પુરી, કેન્દ્રપારા અને જગતસિંહપુરના નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવામાં આવી રહી છે.




બીજી તરફ, હવામાન વિભાગે ૨૧ જિલ્લાઓમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે વરસાદની ચેતવણી જારી કરી છે. ઉત્તર ઓડિશામાં અન્ય નદીઓના પૂરના કારણે ૮ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે અને ઘણા ગામો હજુ પણ જળમગ્ન છે. જોકે, ત્યાં પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન કામગીરી ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો છે અને નાયબ મુખ્યમંત્રીઓ તથા કેબિનેટ મંત્રીઓને સ્થળ પર રહીને કામગીરીનું નિરીક્ષણ કરવાની જવાબદારી સોંપી છે.

# ઈરાન પર હુમલો નહીં થાય, હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું રહેશે: ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૦૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકાએ ઈરાન પર કરવાનો થતો મોટો લશ્કરી હુમલો મુલતવી રાખ્યો છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ હુમલો બીજા વિશ્વયુધ્ધ પછીનો સૌથી મોટો સૈન્ય પ્રહાર હોત, પરંતુ ઈરાન અને અન્ય મધ્ય પૂર્વના દેશોની વિનંતી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કાર્યવાહી એ શરતે અટકાવવામાં આવી છે કે ઈરાન ટૂંક સમયમાં જ એક કરાર પર પહોંચશે, જેના હેઠળ હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે ખુલ્લું મુકાશે અને ઈરાન તેના પરમાણુ શસ્ત્રો વિકસાવવાના કાર્યક્રમને સંપૂર્ણપણે નાબૂદ કરશે.



ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે ઈરાન અને મધ્ય પૂર્વના સાથી દેશો યુધ્ધ સમાપ્ત કરવા માટે કરારની શરતો સ્વીકારવા તૈયાર થયા છે. ઈઝરાયલ પણ આ કરાર પ્રક્રિયામાં યુનાઈટેડ સ્ટેટ્સ સાથે જોડાવા સંમત થયું છે. વિશ્વના ભવિષ્ય અને મધ્ય પૂર્વમાં શાંતિની સ્થાપના માટે અમેરિકા હવે નવા હુમલા કરશે નહીં.આ અગાઉ, અમેરિકાએ પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરીને મધ્ય પૂર્વમાંથી સુરક્ષિત સ્થળે ખસી જવા અથવા ફ્લાઈટ્સ રદ થવા સહિતની સ્થિતિ માટે તૈયાર રહેવા સૂચના આપી હતી. પરંતુ નવી સમજૂતીની દિશામાં કામ શરૂ થતાં લશ્કરી કાર્યવાહી હાલ પૂરતી રોકી દેવાઈ છે.

### સિધ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના પ્રમુખ સદા સર્વાંકરે આ આરોપોને ફગાવ્યા

# સિધ્ધિવિનાયક મંદિરમાં દર વર્ષે ૧૮ કરોડ રૂપિયાની ચોરીનો રાજ ઠાકરેનો આરોપ

મહારાષ્ટ્ર,તા.૦૨

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ આરોપ લગાવ્યો છે કે મુંબઈના સિધ્ધિવિનાયક મંદિરમાંથી દર વર્ષે ૧૮ કરોડ રૂપિયા અને અયોધ્યાના રામ મંદિરમાંથી ૧,૪૦૦ કરોડ રૂપિયાની ચોરી થઈ રહી છે. મનસે વિદ્યાર્થી સેનાના કાર્યક્રમમાં બોલતા તેમણે દાવો કર્યો હતો કે સિધ્ધિવિનાયક મંદિરની દાનપેટીમાંથી પૈસા ચોરી કરતા કેટલાક કર્મચારીઓ પકડાયા હતા, જેના લીધે મંદિર ટ્રસ્ટને વાર્ષિક કરોડોનું નુકસાન થઈ રહ્યું હતું. તેમણે આ મામલે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને લખાયેલા પત્રનો ઉલ્લેખ કરીને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે.



બીજી તરફ, સિધ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના પ્રમુખ સદા સર્વાંકરે આ આરોપોને ફગાવતા જણાવ્યું હતું કે રાજ ઠાકરેએ અધૂરો પત્ર વાંચ્યો છે. તેમણે સ્પષ્ટતા કરી કે ગેરરીતિઓ આચરનારા ૧૯ કર્મચારીઓ સામે અગાઉથી જ કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ પગલાંના કારણે બહારના એજન્ટોની દખલગીરી બંધ થઈ છે અને મંદિરની માસિક આવક ૪૦-૪૫ લાખથી વધીને ૯૮ લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. પત્રમાં દાનની ચોરીનો નહીં પરંતુ આવકમાં થયેલા વધારાનો ઓડિટ સંદર્ભે ઉલ્લેખ હતો.

આ ઉપરાંત રાજ ઠાકરેએ જંતર-મંતર વિરોધ પ્રદર્શન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુધ્ધ ટિપ્પણી કરનાર વિદ્યાર્થીઓનો બચાવ કરતા કહ્યું કે ભાજપની ટ્રોલ ટીમે છેલ્લા ૧૨ વર્ષથી વિપક્ષી નેતાઓ વિરુધ્ધ જે ભાષાનો ઉપયોગ કર્યો છે, આ તેનું જ પરિણામ છે. ભાજપે જે વાવ્યું હતું તે જ આજે લણી રહ્યું છે.

# બસપા સુપ્રીમો માયાવતીએ અશોક સિધ્ધાર્થ અને રણધીર સિંહને બસપામાંથી હાંકી કાઢ્યા

### રાજ્યોમાં પક્ષની માર્ગદર્શિકાનું અનાદર અને અનુશાસનહીનતા કરવા બદલ


લખનૌ,તા.૦૨

બસપા સુપ્રીમો માયાવતીએ આકાશ આનંદના સસરા અને પૂર્વ સાંસદ અશોક સિધ્ધાર્થ તેમજ રણધીર સિંહ બેનીવાલને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. માયાવતીએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરતાં જણાવ્યું કે વારંવાર ચેતવણી આપવા છતાં વિવિધ રાજ્યોમાં પક્ષની માર્ગદર્શિકાનું અનાદર અને અનુશાસનહીનતા કરવા બદલ આ નિર્ણય લેવાયો છે. યુપી ચૂંટણી પ્રચારમાં ખલેલ ન પહોંચે તે માટે આ પગલું ભરીને તેમને ભવિષ્યમાં પણ ન લેવાની સ્પષ્ટતા કરી છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૦૩-૦૮-૨૦૨૬

# જાફરાબાદ તાલુકા પંચાયતમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને સંકલન બેઠક યોજાઈ

જાફરાબાદ,તા.૦૨

જાફરાબાદ તાલુકા પંચાયત કચેરી ખાતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની અધ્યક્ષતામાં તાલુકા સંકલન બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તમામ સરકારી વિભાગોની વિવિધ કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી, જેમાં સરકારી ખાતાઓમાં પેન્ડિંગ રહેલા પ્રશ્નો અંગે પણ વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓનો સત્વરે અને અસરકારક રીતે ઉકેલ લાવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત તાલુકાના વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યોને વધુ વેગવંત અને ઝડપી બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.



તસવીર : બાબુભાઈ વાઢેળ

# બગસરાના મફતપરામાં ૩ સિંહે ગાયનું મારણ કરતા રહેવાસીઓમાં ફફડાટ

બગસરા,તા.૦૨

બગસરાના રહેણાંક વિસ્તાર ગણાતી હુડકો કોલોની સ્થિત મફતપરામાં રાત્રિના સુમારે એકસાથે ૩ સિંહો ધસી આવતાં ભારે ખળભળાટ મચી ગયો છે. વેલનાથ બાપુની જગ્યા પાસે ત્રણેય પશુરાજે ગાય પર ત્રાટકીને તેનું શિકાર કર્યું હતું અને સ્થળ પર જ મિજબાની માણી હતી. આ સમગ્ર ભયાનક ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

ઉલ્લેખનીય છે કે, આ જ વિસ્તારમાં તાજેતરમાં જ એક બાળક પર દીપડાના હુમલાની ઘટના બની હતી. ત્યારબાદ ટૂંકા જ ગાળામાં સિંહો દ્વારા બીજી વખત ગાયનું મારણ કરવામાં આવતાં સ્થાનિકોમાં પ્રચંડ આક્રોશ અને દહેશત વ્યાપી ગઈ છે. સાંજના સમયે પણ ઘરમાંથી બહાર નીકળવું જોખમી બન્યું છે. નિત્યક્રમ બની ગયેલા આ હિંસક વન્યજીવોના આક્રમણથી કંટાળેલી જનતાએ વન વિભાગ સામે ભારે રોષ ઠાલવ્યો છે. ગીરોના આ હિંસક પ્રાણીઓને માનવ વસવાટમાંથી ત્વરિત ખદેડીને પાંજરે પૂરવામાં આવે તેવી લોકમાગણી બળવત્તર બની છે.


તસવીર : હાર્દિક બામટા

# અમરેલી પેરોલ ફ્લો સ્ક્વોડ દ્વારા છ માસથી ફરાર આરોપીની ધરપકડ

અમરેલી,તા.૦૨

ભાવનગર રેન્જ આઈજી આર.વી. અસારી અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત એલસીબી પીઆઈ સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ અમરેલી પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે કાર્યવાહી કરી હતી. બાતમી અને ટેકનિકલ સપોર્ટના આધારે ટીમે સાવરકુંડલા રોડ, અમરેલી ખાતેથી પ્રકાશભાઈ જેઠાભાઈ ભાટીની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે અમરેલી સિટી પોલીસ સ્ટેશને સોંપેલ છે. આરોપી સામે સિહોર કોર્ટમાં ભરણપોષણનો કેસ ચાલતો હતો, જેમાં દર મહિને રૂ. ૩,૦૦૦ ચૂકવવાનો હુકમ હોવા છતાં રકમ ન ભરતાં કોર્ટે સજા વોરંટ ઈશ્યૂ કર્યું હતું. આ કામગીરી પીએસઆઈ એન.જી. સાપરા તથા તેમની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

# અમરેલી ST ડેપોના કર્મચારી હરેશભાઈ દવે નિવૃત્ત થતા વિદાયમાન સમારંભ યોજાયો

અમરેલી,તા.૦૨

અમરેલી એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા મૂળ લીલીયાના મોટા કણકોટના વતની હરેશભાઈ હિંમતલાલ દવે ૫૮ વર્ષની વયમર્યાદા પૂર્ણ કરી નિવૃત્ત થતાં કર્મચારીઓ દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ડી.એ. મહેતા, ડેપો મેનેજર, યુનિયન આગેવાનો અને વર્કશોપ સ્ટાફ દ્વારા શાલ ઓઢાડી, ફુલહાર, શ્રીફળ તેમજ મોમેન્ટો આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદાય સમારંભ બાદ તમામ કર્મચારીઓ અને સગાં-સંબંધીઓ માટે જમણવાર રાખવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મિતુલભાઈ મહેતાએ જહેમત ઉઠાવી હતી અને અંતમાં હરેશભાઈએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.



## અવસાન નોંધ

**જામકા**

સ્વ.પ્રકાશભાઈ કાંતિલાલ ત્રિવેદી (ઉ.વ.૭૧)નું તા. ૩૧/૦૭/૨૦૨૬ના રોજ શુક્રવારે દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.કાંતિલાલ ચુનિલાલ ત્રિવેદીના પુત્ર તેમજ ચંદ્રકાંતભાઈ, નવનીતરાય, જનકભાઈ, મનોજભાઈ, સ્વ.હંસાબેન, સંગીતાબેનના મોટાભાઈ તથા શૈલેષભાઈ અને કુલદીપભાઈના પિતાશ્રી અને સ્વ.હિરાલાલ બેચરલાલ જોષી(ચાવંડ)નાં જમાઈ તથા પ્રકાશભાઈ હિરાલાલ જોષી(મુંબઈ)ના બનેવી થાય છે. તેમનું સદગતનું બેસણુ તા.૦૩/૦૮/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૬ કલાકે તેમના નિવાસસ્થાને મુ.જામકા, તા. બગસરા, જી.અમરેલી રાખેલ છે.

# લીલીયાના સલડી ગામના રત્નકલાકારનો ફોન હેક કરી ૬૦ હજારની છેતરપિંડી

લીલીયા, તા.૦૨

લીલીયાના સલડી ગામના રત્નકલાકારનો ફોન હેક કરી ૬૦ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. મુકેશભાઈ નાથાભાઈ વામજા (ઉ.વ.૪૮)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનો મોબાઈલ ફોન હેક કરીને તેમના ગુજરાત ગ્રામીણ બેંકના બેંક એકાઉન્ટમાંથી ૬૦,૦૦૦ ટ્રાન્સફર કરી ઠગાઈ કરી હતી.

# શેલાણાના વર્તમાની ગુરુ આશ્રમે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી

અમરેલી,તા.૦૨

સાવરકુંડલા-જેસર રોડ પર આવેલા શેલાણા ગામ સ્થિત 'શ્રી વર્તમાની ગુરુ આશ્રમ' ખાતે મહંત શ્રી ઝરણાં બાની અધ્યક્ષતામાં ગુરુપૂર્ણિમા પર્વની શ્રધ્ધાભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે દાદાના સેવક રાજુભાઈ ઠુમ્મર દ્વારા પ.પૂ. શ્રી જગુદાદા તથા ભૂરીખીયા હનુમાનજી મહારાજના છબી-ચિત્રોનું અનાવરણ અને સ્મૃતિચિહ્ન પૂજન કરવામાં આવ્યું હતું.પ્રાતઃકાળે પાટપૂજન, મહાઆરતી અને ગુરુપૂજન બાદ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. મહંત ઝરણાં બાએ સદગુરુની મહિમા સમજાવતા જણાવ્યું કે, અજ્ઞાનનો અંધકાર દૂર કરી જીવનમાં જ્ઞાનરૂપી દીવાદાંડી બનનાર સદગુરુ જ ઈશ્વરપ્રાપ્તિનો સાચો માર્ગ દર્શાવે છે.



# અમરેલીની યુવતીને અમદાવાદના સાસરીયાનો ત્રાસ

અમરેલી, તા.૦૨

અમરેલીમાં રહેતી એક યુવતિના લગ્ન અમદાવાદમાં રહેતા યુવક સાથે થયા હતા. લગ્નના થોડા દિવસ બાદ સાસરિયાએ ત્રાસ આપવાનું શરૂ કર્યું છે. પતિએ જાપટ મારીને તું લંડન આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપીને પત્નીને ઘરેથી કાઢી મુકી હતી. આ અંગે ધારાબેન રમેશભાઈ વેકરિયા (ઉ.વ.૩૩) એ અમદાવાદના નિકોલમાં રહેતા પતિ નીશીત સાગરભાઈ પડશાળા, સાસુ પ્રભાબેન સાગરભાઈ પડશાળા તથા સસરા સાગરભાઈ પરસોતમભાઈ પડશાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના લગ્નની તા.૦૬/૦૧/૨૩ થી તા.૦૮/૧૦/૨૦૨૫ દરમ્યાન અમદાવાદ મુકામે તેના પતિ નીશીત સાગરભાઈ પડશાળા, સાસુ પ્રભાબેન તથા સસરા સાગરભાઈએ નાની નાની બાબતોમાં ઘરકામ તેમજ કરીયાવર બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુખત્રાસ અને ગાળો આપી હતી. પતિએ ગાલ ઉપર જાપટ મારી હતી અને કહ્યું હતું કે તું લંડન આવીશ તો તને જાનથી મારી નાખીશ તેમ કહી પહેરેલા કપડે ઘરેથી કાઢી મુકી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી કે સોળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**'તું લંડન આવીશ તો જાનથી મારી નાખીશ' કહી પતિએ પત્નીને ઘરેથી કાઢી મુકી**












## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૨/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના દાદીશ્રી નાનુબા સાંગાભાઈ ભાટીનું અવસાન તા. ૦૮/૦૫/૧૯૭૦ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૧/૨૦૨૬

શ્રી વિલાસબેન વાલાભાઈ વોરા વા. /ઓ. રામજીભાઈ ભનુભાઈ ઠુંમ્મર,
રહે. સુરત, ઠે.બી ૧-૧૦૨, પૂજન રેસિડેન્સી, પુણા,
વનમાળી સોસાયટીની પાસે, સુરત-૩૯૫૦૧૦ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી,
તા. ભેસાણ, જી. જૂનાગઢ .......પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી વિલાસબેન વાલાભાઈ વોરાનો જન્મ તા. ૦૧/૦૭/૧૯૭૦ ના રોજ ગામ/મોજેઃ- છોડવડી નોંધ ગ્રામ પંચાયત કચેરી–છોડવડી, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૦ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૪/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના પરદાદાશ્રી ભોજાભાઈ ઉકાભાઈ ભાટીનું અવસાન તા. ૦૪/૦૬/૧૯૫૯ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૩/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના મોટાભાઈશ્રી ભીખુભાઈ રામભાઈ ભાટીનું અવસાન તા. ૧૫/૦૨/૧૯૯૨ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# રાજયમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીમાં સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૨





અમરેલીમાં ૮૦મા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ભવ્ય બનાવવા જિલ્લા સેવાસદનમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સાંસદ ભરત સુતરિયા સહિત અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ૧૫ ઓગસ્ટે અમરેલી જિલ્લા પોલીસ હેડક્વાર્ટર મેદાનમાં મુખ્ય ધ્વજવંદન અને રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. શહેરના મુખ્ય માર્ગો, ચોક-ચોરાહા અને મહત્વના સ્થળોને આકર્ષક સજાવટ તથા રોશનીથી શણગારવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે ૧૪ ઓગસ્ટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં 'એટ હોમ' કાર્યક્રમ તેમજ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત કરોડો રૂપિયાના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાશે.

# અમરેલીની ગુલાબ પાર્ક સોસાયટીમાં પીવાના પાણીમાં ગટર ભળતા રહિશોમાં રોષ

અમરેલી,તા.૦૨

લાઠી રોડ પર આવેલી ગુલાબ પાર્ક સોસાયટીમાં નગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની લાઈનમાં ગટરનું દૂષિત પાણી ભળી રહ્યું છે. આજરોજ જ્યારે નગરપાલિકા દ્વારા પાણી વિતરણ શરૂ કરવામાં આવ્યું, ત્યારે ઘરોમાં અતિશય દુર્ગંધમારતું અને ગંદુ પાણી આવતા રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.સ્થાનિક મહિલાઓ અને સોસાયટીના રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે સમયસર તમામ વેરા ભરીએ છીએ, છતાં આપણને ઝેરી સમાન પાણી પીવા મજબૂર થવું પડે છે." સ્થાનિકો દ્વારા નગરપાલિકામાં અનેક વખત રજૂઆતો કરવા છતાં



નિષ્ક્રિય તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી.દૂષિત પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં ભયંકર રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. ગંદકી અને દુર્ગંધથી કંટાળેલા સ્થાનિકો હવે ત્રાહીમામ પુકારી ઊઠ્યા છે. જો તંત્ર દ્વારા તાત્કાલિક લાઈન રિપેર કરી શુધ્ધડ પાણી આપવામાં નહીં આવે, તો રહીશોએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.

# અમરેલીમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ૮ ઓગસ્ટે ભવ્ય વોકેથોન યોજાશે

અમરેલી,તા.૦૨

આગામી ૧૫ ઓગસ્ટે ઉજવાનાર સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આ વર્ષે અમરેલી જિલ્લામાં યોજાનાર હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૮ ઓગસ્ટના રોજ ભવ્ય વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૭ વાગ્યે સરદાર પટેલ રમત સંકુલથી વોકેથોનનો પ્રારંભ થશે. નિર્ધારિત રૂટ મુજબ યાત્રા ફોરવર્ડ સર્કલ (સેન્ટર પોઈન્ટ), નાગનાથ મંદિર, રાજકમલ ચોક થઈ ફરી સેન્ટર પોઈન્ટ માર્ગે સરદાર પટેલ રમત સંકુલ ખાતે પૂર્ણ થશે. દેશભક્તિની ભાવના સાથે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાના હેતુથી યોજાયેલા આ આયોજનમાં અમરેલી શહેરના નાગરિકો, યુવાનો તેમજ વિવિધ સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં જોડાય અને પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તેવો જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# બગસરાના માવજીંજવામાં કૌટુંબિક વિવાદથી કંટાળી યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

બગસરા, તા.૦૨

બગસરા તાલુકાના માવજીંજવા ગામે કૌટુંબિક મનદુઃખ અને વારંવાર થતી અરજીઓથી કંટાળીને એક યુવકે ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી હતી. ગંભીર હાલતમાં યુવકને વધુ સારવાર અર્થે અમરેલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, કુલદીપપરી જયસુખપરી ગોસાઈને તેના મોટા બાપુજીના દીકરાઓ ધર્મેશભાઈ, હરેશભાઈ તથા તેના મોટા બા રમાબેન સાથે જૂનો કૌટુંબિક વિવાદ ચાલી રહ્યો હતો. સામાવાળાઓ દ્વારા તેના પર વારંવાર ખોટા કેસ અને અરજીઓ કરવામાં આવતી હતી. આ સતત માનસિક ત્રાસથી કંટાળીને અને મનમાં લાગી આવતા તેણે પોતાના ઘરે જ ખેતીમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. દવાની અસર થતાં યુવકને ઉલટી-ઉબકા શરૂ થયા હતા, જે જોઈને તેના કાકા શૈલેશપરી તાત્કાલિક દોડી આવ્યા હતા. તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ટીમે સ્થળ પર પહોંચી પ્રથમ બગસરા સી.એચ.સી. ખાતે

**અમરેલી સિવિલમાં સારવાર હેઠળ ખસેડાયા**

પ્રાથમિક સારવાર અપાવી હતી. ત્યારબાદ વધુ ગંભીર સારવાર માટે તેને અમરેલી સરકારી દવાખાને રિફર કરવામાં આવ્યો હતો. હાલ યુવક અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# લીલીયામાં વિધવા અને વૃધ્ધ સહાય મુદ્દે મામલતદારને રજૂઆત કરાઈ

લીલીયા,તા.૦૨



લીલીયા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ દેથલીયાએ મામલતદારને પત્ર પાઠવી તાલુકામાં ગંગા સ્વરૂપા (વિધવા) સહાય અને વૃધ્ધ સહાય છેલ્લા ચાર માસથી બંધ હોવાની રજૂઆત કરી છે. વિવિધ ગામોના લાભાર્થીઓ કચેરીના ધક્કા ખાઈ રહ્યા હોવા છતાં યોગ્ય માર્ગદર્શન મળતું ન હોવાનું જણાવાયું છે. જરૂરી દસ્તાવેજોની માહિતીના અભાવે અરજદારો સહાયથી વંચિત રહેતા હોવાનું પત્રમાં ઉલ્લેખ કરાયો છે. તાલુકા સંકલન સમિતિની બેઠકમાં પ્રશ્ન રજૂ કરી અટકેલી સહાય ઝડપથી શરૂ કરવા અને જરૂરી કાર્યવાહી હાથ ધરવાની માંગ કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રીય સર્વેક્ષણો હાથ ધરાશે

અમરેલી,તા.૦૧

ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કાર્યાલય (NSO) દ્વારા દેશના વિકાસ અને નીતિ નિર્માણ માટે ઓગસ્ટ મહિનામાં અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મહત્વપૂર્ણ સર્વેક્ષણો હાથ ધરવામાં આવશે. પ્રશિક્ષિત અધિકારીઓ 'e-Sigma' સોફ્ટવેરથી સજ્જ ડિજિટલ ટેબ્લેટ અને સુરક્ષિત વેબ પોર્ટલ મારફતે માહિતી એકત્રિત કરશે. સાવરકુંડલાના વિજપડી ગામે ઋણ, રોકાણ અને કૃષિ પરિવારોની સ્થિતિ અંગે સર્વે થશે, જ્યારે ધારીમાં સ્થળાંતર અંગે માહિતી મેળવાશે. કુંકાવાવ-વડિયા, લાઠીના આસોદર અને રાજુલા શહેરમાં રોજગાર અને શ્રમબજાર સંબંધિત આવર્તક શ્રમબળ સર્વેક્ષણ હાથ ધરાશે. રાજુલા તાલુકાના ડુંગર ખાતે બિન-નિગમિત ઉદ્યોગોનું સર્વેક્ષણ કરવામાં આવશે, જ્યારે ડુંગર, ચિતલ, અમરેલી, ચમારડી અને બાબરામાં ગ્રાહક ભાવ સૂચકાંક માટે ભાવની માહિતી એકત્રિત થશે.

# યુવાનો માટે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનાની નોંધણી શરૂ કરવામાં આવી

અમરેલી,તા.૦૨

કેન્દ્ર સરકાર દ્વારા યુવાનોને કૌશલ્ય વિકાસ, ઉદ્યોગજગતનો અનુભવ અને રોજગારીની વધુ સારી તકો ઉપલબ્ધ કરાવવા માટે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના અમલમાં મૂકવામાં આવી છે. યોજના હેઠળ ૧૮થી ૨૫ વર્ષના ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ, આઈટીઆઈ, પોલિટેકનિક ડિપ્લોમા અથવા સ્નાતક થયેલા તેમજ પરિવારની વાર્ષિક આવક ૮ લાખ રૂપિયાથી ઓછી હોય તેવા યુવાનો અરજી કરી શકશે. આગામી પાંચ વર્ષ દરમિયાન દેશના એક કરોડ યુવાનોને ભારતની ટોચની ૫૦૦ અગ્રણી કંપનીઓમાં ઈન્ટર્નશિપનો લાભ આપવાનો સરકારનો હેતુ છે. યોજનાથી યુવાનોને વ્યવહારુ અનુભવ સાથે રોજગારલક્ષી કૌશલ્ય પ્રાપ્ત થશે. વધુ માહિતી અને ઓનલાઈન નોંધણી માટે ઉમેદવારો સત્તાવાર પોર્ટલ https://pminternship.mca.gov.in પર અરજી કરી શકે છે, તેવી માહિતી આઈટીઆઈ અમરેલી દ્વારા આપવામાં આવી છે.










## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૭/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના ફઈશ્રી મીણુબા સાંગાભાઈ ભાટીનું અવસાન તા. ૧૨/૦૨/૧૯૯૩ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

કોર્ટનો સિક્કો

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૫/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના પિતાશ્રી રામભાઈ સાંગાભાઈ ભાટીનું અવસાન તા. ૧૪/૦૭/૧૯૯૦ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

કોર્ટનો સિક્કો

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૬/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના દાદાશ્રી સાંગાભાઈ ભોજાભાઈ ભાટીનું અવસાન તા. ૨૧/૦૪/૧૯૬૭ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

કોર્ટનો સિક્કો

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૯/૨૦૨૬

શ્રી જયસીંહ નગાજી ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જયસીંહ નગાજી ભાટી દ્વારા તેઓના પિતાશ્રી નગાજી રામભાઈ ભાટીનું અવસાન તા. ૧૧/૧૧/૧૯૮૨ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

કોર્ટનો સિક્કો

# રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય કાર્યક્રમ પૂર્વે અમરેલીમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ શરૂ

અમરેલી,તા.૦૨




૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમરેલી ખાતે યોજાનારા રાજ્યકક્ષાના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને અમરેલી નગરપાલિકા દ્વારા ૧ ઓગસ્ટથી ૧૪ ઓગસ્ટ સુધી શહેરવ્યાપી વિશેષ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ઝુંબેશ અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, બજાર વિસ્તાર, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોની સઘન સફાઈ હાથ ધરવામાં આવી રહી છે. આજે બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન રોડ વિસ્તારમાં વિશેષ સફાઈ કામગીરી કરી સમગ્ર વિસ્તારને કચરામુક્ત બનાવવામાં આવ્યો હતો. માર્ગો અને આસપાસના વિસ્તારોની સ્વચ્છતા સાથે શહેરના સૌંદર્યમાં વધારો થાય તે માટે પણ કામગીરી કરવામાં આવી હતી.

નગરપાલિકાએ નાગરિકોને ઘર, વેપાર સ્થળો અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા તેમજ કચરો જાહેરમાં ન ફેંકી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બનવાની અપીલ કરી છે.

# કોટડાપીઠા પાસે આઈસરમાં ચોરખાનું બનાવી થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ

બાબરા, તા.૦૨



બાબરાના કોટડાપીઠા પાસે આઈસરમાં ચોરખાનું બનાવી થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ હતી. કુલ મળીને રૂ. ૧૨.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજસ્થાનના જાલોરના લાઠીવાડકા ગોલીયા ગામનો મનોહરલાલ ચતરારામ ખીલેરી બિશ્નોઇ (ઉ.વ.૩૮) કોટડાપીઠા ગામની સીમમાં રાજકોટ ભાવનગર હાઈવે રોડ પરથી આઈસર લઈને પસાર થતો હતો ત્યારે એટકાવી તલાશી લેતાં પાછળના ડાલામાં નીચે ચોર ખાનમાંતી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૨૨૭૫ બોટલ ઝડપાઈ હતી. પોલીસે દારૂની બોટલો, ટ્રક, મોબાઈલ મળી કુલ ૧૨,૭૫,૨૦૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પી એસ આઈ એમ એચ ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગર રેલવે ફાટક પર ઓવરબ્રિજ કામગીરીથી વાહનવ્યવહાર બંધ

અમરેલી,તા.૦૨

દામનગરથી ભુરખીયા તરફ જતા માર્ગ પર આવેલા રેલવે ફાટક નં. ૧૧/સી પર ઓવરબ્રિજની કામગીરી શરૂ હોવાથી ફાટક પરથી તમામ પ્રકારના વાહનોની અવરજવર તાત્કાલિક અસરથી સંપૂર્ણ બંધ કરવામાં આવી છે. આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. લાઠી-ભુરખીયા તરફથી આવતા વાહનો માટે ગુરુકુળ પાસેથી બજરંગનગર, છભાડિયા ફાટક, અવાડા ચોક અને નગરપાલિકા મેઈન રોડનો વૈકલ્પિક માર્ગ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે ઢસા-દામનગર તરફથી આવતા વાહનોને નગરપાલિકા મેઈન રોડ, અવાડા ચોક, છભાડિયા ફાટક અને બજરંગનગર થઈ લાઠી-ભુરખીયા રોડ તરફ જવા સૂચના આપવામાં આવી છે. આ જાહેરનામું ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

# ધારીના સરસીયા ગામે મોટરસાયકલના હપ્તા ભર્યા હોવા છતા NOC ન આપતા ફરિયાદ

ધારી, તા.૦૨

ધારી તાલુકાના સરસીયા ગામે મોટરસાયકલના વેચાણ અને ફાઈનાન્સના હપ્તા ભરવા છતાં પણ એન.ઓ.સી. ન આપી ગ્રાહક સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે સરસીયા ગામે રહેતા અને હીરાકમ કરતાં રમેશભાઈ હીરાભાઈ દાફડા (ઉ.વ.૪૧)એ વડીયા-કુંકાવાવના અમરાપુર ગામના પરશોતમભાઈ મગનભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ પોતાના કબ્જા હેઠળની ફાઈનાન્સમાં હપ્તેથી લીધેલી મોટરસાયકલ તેમને વેચાણથી આપી હતી. કરાર મુજબ, તેમણે મોટરસાયકલના તમામ હપ્તા સમયસર ભરી દીધા હતા. તેમ છતાં આરોપીએ કરારની શરતોનું પાલન કર્યું ન હતું. હપ્તા પૂર્ણ થઈ ગયા બાદ મોટરસાયકલ તેમના નામે કરવા માટે જરૂરી એન.ઓ.સી. ઢાવી આપવાની તેમજ વેચાણ કરાર મુજબની શરતો પૂરી કરવાની આરોપીની જવાબદારી હતી. પરંતુ આરોપીએ એન.ઓ.સી. ન આપી ફરિયાદી સાથે છેતરપિંડી આચરી હતી. સમયસર નાણાં ચૂકવી દીધા હોવા છતાં વાહન પોતાના નામે ન થતાં તેમણે ફરિયાદ નોંધાવી હતી.

# જાફરાબાદના રોહિસા ગામે વડીલોપાર્જિત મકાનના ભાગ મુદ્દે નણંદે ભાભીને ગાળો આપી

જાફરાબાદ, તા.૦૨

જાફરાબાદના રોહિસા ગામે વડીલોપાર્જિત મકાનના ભાગ મુદ્દે નણંદે ભાભીને ગાળો આપવામાં આવી હતી. બનાવ અંગે લસુબેન નારણભાઈ મકવાણાએ મોતીબેન,જીલુભાઈ સીદીભાઈ મકવાણા તથા પરેશ ચિથરભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ મોતીબેન તેમના નણંદ થાય છે અને તેમના સંતાનો નણંદ સાથે રહેતા હતા. જેથી તેઓ તેમના સંતાનોને મળવા જતા અને વડીલોપાર્જિત મકાનના ભાગ બાબતે વાત કરતા આરોપીઓને સારૂ નહોતું લાગ્યું. નણંદે તેમને ગાળો આપી ઢીકાપાટુ વતી મુંઢમાર માર્યો હતો. તેમજ અન્ય બંને આરોપીએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અંડર-૧૯ બેઝબોલ સ્પર્ધામાં સા.કુંડલા કે.કે. હાઈસ્કૂલની ટીમ રનર્સ-અપ

**૫ વિદ્યાર્થીઓ રાજયકક્ષાની બેઝબોલ સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે**

અમરેલી,તા.૦૨



નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાની અંડર-૧૯ બેઝબોલ ટીમે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રનર્સ-અપ સ્થાન મેળવ્યું છે. આ સિધ્ધિના આધારે શાળાના ૫ ખેલાડીઓ મકવાણા દેવાંગ, ગોહિલ અર્જુન, જાદવ વિવેક, પરમાર સ્મીત અને ચોંટાલિયા આયુષ હવે રાજ્યકક્ષાની બેઝબોલ સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૨૫ પ્યાસીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ચાર મહિલા સહિત ૧૧ લોકો પાસેથી ૫૫ લીટર જેટલો પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો.જિલ્લામાં વિવિધ સ્થળેથી બે મહિલા સહિત ૧૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૧૦ લોકો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# વડિયાના માયાપાદર ગામે બાંભણીયા ગામ તરફ જવાના રોડ તરફ અકસ્માતમાં યુવકનું મોત

વડિયા, તા.૦૨

વડિયાના માયાપાદર ગામે બાંભણીયા ગામ તરફ જવાના રોડ તરફ અકસ્માતમાં યુવકનું મોત થયું હતું. રહેમભાઈ કિશનભાઈ વાઘેલા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ મરણજનાર બાંભણીયા રોડ પર બકરા ચરાવતો હતો તે દરમ્યાન એક અજાણ્યા કાર ચાલકે આવી ટક્કર મારતાં માથાના ભાગે તથા બંને પગે ગંભીર ઈજાઓ થતાં મોત થયું હતું. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો.

# ભારે વરસાદથી લીલીયાનું નિલકંઠ સરોવર છલકાયુ

લીલીયા,તા.૦૨



લીલીયા મોટા નીલકંઠ સરોવરમાં થોડા દિવસો પહેલા ભારે વરસાદના કારણે બંધારાની પાળ તૂટી જતા મોટી માત્રામાં પાણી વહી ગયું હતું. જેના કારણે પાણી સંગ્રહ અંગે ચિંતા ઉભી થઈ હતી. ત્યારબાદ જલધારા સેવા ટ્રસ્ટ, જલધારા સેવા સમિતિ તથા સેવાભાવી લોકોએ છેલ્લા પાંચ દિવસ સુધી દિવસ-રાત અથાગ મહેનત કરીને તૂટેલા બંધારાનું પુનઃનિર્માણ કર્યું. સતત શ્રમદાન અને સંકલ્પના પરિણામે આજે બંધારો ફરી સંપૂર્ણ ભરાયો છે. આ કાર્યથી લીલીયા તેમજ આસપાસના વિસ્તારના લોકોને રાહત મળી છે. ગામલોકોએ ટ્રસ્ટ અને શ્રમદાન કરનાર તમામ સેવાભાવી લોકોના સેવાકાર્યને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ પાંચમ
તા.૦૩-૦૮-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૫:૪૩,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૮-૨૦૨૬ સોમવાર

મેષ:આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે.

વૃષભઃ આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

મિથુનઃ આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે.

કર્ક:આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઇનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે.

કન્યા:કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો.

તુલા: જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ.

વૃશ્ચિકઃ આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધન:આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકર:આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો. જૂના રોગમાં સુધારણાથી રાહત મળશે.

કુંભ:કાર્યમાં ઇચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે.

મીનઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

# બગસરા મામલતદાર પ્રશાંત ભીંડી વયમર્યાદાને કારણે નિવૃત થયા

બગસરા,તા.૦૨



તસવીર : હાર્દિક બામટા

બગસરા ખાતે મામલતદાર પ્રશાંતભાઈ ભીંડીના વયનિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંત અધિકારી નંદા સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં સરકારી અધિકારીઓ, સામાજિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનો તેમજ કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમારંભ દરમિયાન પ્રશાંતભાઈ ભીંડીને પુષ્પહાર પહેરાવી, શાલ ઓઢાડી તેમજ સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વહીવટી સેવાઓ દરમિયાન તેમની નિષ્ઠા, કાર્યકુશળતા અને લોકહિતના કાર્યોને ઉપસ્થિતોએ બિરદાવ્યા હતા. સૌએ તેમના નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન સ્નેહી પરમાર અને કિર્તીબેન પરમારે કર્યું હતું.

# બાબરામાં ફોન ખરીદીના બાકી પૈસાની ઉઘરાણીમાં મહિલાને ધમકી આપી

**અજાણ્યા મોબાઈલ ધારકે ફોન કરીને તેમની સાથે અભદ્ર ભાષામાં વાત કરી**

બાબરા, તા.૦૨

બાબરામાં ફોન ખરીદીના બાકી પૈસાની ઉઘરાણીમાં મહિલાને ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે વર્ષાબેન ધવલભાઈ દેત્રોજા (ઉ.વ.૩૪)એ અજાણ્યા મોબાઈલ ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે પોતાનો મોબાઈલ ફોન ખરીદ્યો હતો અને અમુક પૈસા ભરવાના બાકી હતી. જે પૈસાની ઉઘરાણી માટે અજાણ્યા મોબાઈલ ધારકે ફોન કરીને તેમની સાથે અભદ્ર ભાષામાં વાત કરી ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી એ ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ/મરણ નોંધણી/ અરજી નં. ૩૪૯/૨૦૨૬ તા. ૨૮/૦૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. હૈદરભાઈ અલીભાઈ બેલીમ
રહે. મિતિયાળા, તા. સાવરકુંડલા, જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી મિતિયાળા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી યાસ્મીનબાનુ હૈદરભાઈ બેલીમનો જન્મ તા. ૦૪/૦૬/૧૯૮૭ ના રોજ મુ. નેસડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા. ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉક્ત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**
**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૮૮/૨૦૨૬

શ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી,
રહે. પસવાળા, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પસવાળા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી કુંભાભાઈ રામભાઈ ભાટી દ્વારા તેઓના પરદાદીશ્રી લીરુબા ભોજાભાઈ ભાટીનું અવસાન તા. ૦૨/૦૮/૧૯૬૩ ના રોજ ગામ મોજેઃ પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, પસવાળા, તા. ભેંસાણ, જિ. જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૩૧ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ ભેંસાણ**

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**
**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૭૧/૨૦૨૬

શ્રી છગનભાઈ ગોબરભાઈ ગોંડલીયા,
રહે. પરબ વાવડી, તા. ભેસાણ, જી. જૂનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - પરબ વાવડી,
તા. ભેસાણ, જી. જૂનાગઢ ....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી છગનભાઈ ગોબરભાઈ ગોંડલીયા દ્વારા તેઓના પુત્રીશ્રી શોભનાબેન છગનભાઈ ગોંડલીયા નો જન્મ તા. ૦૮/૦૨/૧૯૮૪ ના રોજ ગામ/મોજેઃ પરબ વાવડી, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી-પરબ વાવડી, તા. ભેંસાણ, જિ. જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૩ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ ભેંસાણ**

## તંત્રી લેખ

# આર્થિક નિષ્ફળતાની કબૂલાત અને પાકિસ્તાનમાં બળવાનો ભય


ઈસ્લામાબાદમાં સત્તા પર બેઠેલી સરકારના પગ નીચેથી જમીન સરકી રહી હોય તેવું લાગી રહ્યું છે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવીએ તાજેતરમાં એક જાહેર કાર્યક્રમમાં દેશની વાસ્તવિક સ્થિતિ પર જે ટિપ્પણી કરી છે, તેનાથી પાકિસ્તાનની અંદર અને બહાર ચર્ચાનો દોર શરૂ થયો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે પાકિસ્તાન આજે આર્થિક રીતે નિષ્ફળતાના માર્ગ પર છે અને જો યુવાનોનો ગુસ્સો એક સાથે બહાર આવશે તો તે વર્તમાન વ્યવસ્થાને સંપૂર્ણપણે ઉથલાવી દેશે. આ નિવેદન એ વાતનો પુરાવો છે કે પાકિસ્તાનમાં હવે અસંતોષ માત્ર ચાર દીવાલોની અંદર નથી રહ્યો, તે સરકારની કેબિનેટ સુધી પહોંચી ગયો છે.

ગૃહમંત્રીએ પોતાના જ નિવેદનમાં સરકારને એલર્ટ કરતા કહ્યું હતું કે આ યુવાનોને તમે ગમે તે નામ આપો, યુથ કહો કે કોકરોચ કહો, પરંતુ તેમની તાકાતને ઓછી ન આંકો. જો તેઓ સંગઠિત થઈ ગયા તો તેઓ બધું જ બદલી નાખશે. ઉલ્લેખનીય છે કે કોકરોચ આંદોલન એ એક પ્રકારનું નેતૃત્વ વગરનું યુવા આંદોલન છે જે તાજેતરમાં પાડોશી દેશોમાં જોવા મળ્યું છે. આ આંદોલનનો મુખ્ય ઉદ્દેશ્ય સિસ્ટમને સવાલ કરવાનો છે. પાકિસ્તાનના યુવાનો પણ આ જ માંગ કરી રહ્યા છે. તેમને નથી જોઈતી મફતની વસ્તુઓ, તેમને જોઈએ છે સમાન તક, મેરિટના આધારે નોકરી, ભ્રષ્ટાચાર મુક્ત ભરતી પ્રક્રિયા અને એક એવી સરકારી વ્યવસ્થા જે સામાન્ય માણસ માટે કામ કરે. ગૃહમંત્રીએ પોતે સ્વીકાર્યું છે કે આપણે આપણા યુવાનોને આ બધું આપી શક્યા નથી.

આ બેહાલી પાછળનું બીજું મોટું કારણ મોંઘવારી અને બેરોજગારી છે. પાકિસ્તાનમાં રોજિંદી વસ્તુઓ જેવી કે લોટ, તેલ અને શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે, જે સામાન્ય માણસના બજેટની બહાર છે. બીજી તરફ દેશમાં ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે જેના કારણે યુવાનો પાસે નોકરીઓ નથી. ભણેલા ગણેલા યુવાનો પણ કામની શોધમાં ભટકી રહ્યા છે. તેની સાથે સાથે પાકિસ્તાની રૂપિયાની કિંમત ડોલર સામે સતત ઘટી રહી છે, જેનાથી આયાત મોંઘી થઈ ગઈ છે. સરકારની ખોટી નીતિઓ, ભ્રષ્ટાચાર અને રાજકીય અસ્થિરતાએ આ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. સેના અને રાજકારણીઓ વચ્ચેના સતતના સંઘર્ષને કારણે કોઈ પણ આર્થિક સુધારો લાંબો સમય ટકતો નથી. પરિણામે આજે પાકિસ્તાનની જનતા ભૂખ, ગરીબી અને અંધકારમય ભવિષ્ય સામે ઝઝૂમી રહી છે અને દેશની આર્થિક વ્યવસ્થા સંપૂર્ણપણે નબળી પડી ગઈ છે. ગૃહમંત્રીની આ કબૂલાત બે વાત સ્પષ્ટ કરે છે. પહેલી એ કે પાકિસ્તાનની આર્થિક નીતિઓ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે અને બીજી એ કે સરકારને હવે પોતાની જ પ્રજાનો, ખાસ કરીને યુવાનોનો ડર લાગવા માંડ્યો છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે સત્તાએ યુવાનોના અવાજને દબાવવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે ત્યારે સત્તા પોતે જ ઉથલી પડી છે. પાકિસ્તાન પાસે હજુ પણ સમય છે. જો તે પોતાની આર્થિક વ્યવસ્થાને સુધારે, યુવાનોને રોજગારી આપે અને પારદર્શી શાસન આપે તો કદાચ આ સંભવિત બળવાને રોકી શકાય છે. બાકી જો આમ જ ચાલતું રહ્યું તો જે દિવસનો ડર ગૃહમંત્રીને સતાવી રહ્યો છે, તે દિવસ દૂર નથી.

# ટ્રમ્પનો નવો દાવ: અમેરિકામાં ભણ્યા પછી નોકરી માટે ચૂકવવા પડશે ૯૬ લાખ





વિદેશમાં જઈને ઉજ્જવળ કારકિર્દી બનાવવાનું જે સપનું ગુજરાત સહિત દેશભરના હજારો યુવાનોની આંખોમાં રમતું હોય છે, તે સપના પર હવે મોંઘવારીનું મોટું ગ્રહણ લાગવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈમિગ્રેશન નીતિઓને લઈને જે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે, તેની સીધી અસર હવે ભારતીય વિદ્યાર્થીઓ પર પડતી દેખાય છે. એચ વન બી વિઝાની ફીમાં તોતિંગ વધારા બાદ હવે ઓપીટી એટલે કે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ કાર્યક્રમને ટાર્ગેટ બનાવવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ટ્રમ્પ પ્રશાસને એવો પ્રસ્તાવ તૈયાર કર્યો છે કે અમેરિકામાં અભ્યાસ પૂરો કર્યા બાદ જો કોઈ વિદ્યાર્થી ત્યાં નોકરી કરવા માંગતો હોય તો તેણે અગાઉથી લગભગ એક લાખ અમેરિકન ડોલર એટલે કે ભારતીય ચલણમાં છન્નુ લાખ રૂપિયા જેટલી ફી સરકારને ચૂકવવી પડશે. અત્યાર સુધી આ સુવિધા માટે કોઈ પણ પ્રકારની ફી વસૂલવામાં આવતી ન હતી. આ પ્રસ્તાવથી અમેરિકન શિક્ષણ વ્યવસ્થામાં ભણતા ચાર લાખ વિદેશી વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

ઓપીટી શું છે તેની વાત કરીએ તો આ અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓ માટેની એક ખાસ કામચલાઉ વર્ક પરમિટ જેવી વ્યવસ્થા છે. જ્યારે કોઈ વિદ્યાર્થી એફ વન કેટેગરીના સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા જાય છે, ત્યારે તેને માત્ર અભ્યાસ કરવાની જ છૂટ હોય છે. પરંતુ ભણતર પૂરું થયા પછી તેણે મેળવેલા જ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ કરી શકે તે માટે અમેરિકન સરકાર તેને પોતાના ક્ષેત્રમાં કામ કરવાની તક આપે છે, તેને જ ઓપીટી કહેવામાં આવે છે. આ કાર્યક્રમમાં અભ્યાસના પ્રકાર પ્રમાણે સમયગાળો નક્કી થાય છે. જે લોકો આર્ટ્સ, કોમર્સ કે સોશિયલ સાયન્સ જેવા સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરે છે, તેમને ડિગ્રી પછી એક વર્ષનો સમય કામ કરવા માટે આપવામાં આવે છે. જ્યારે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત જેવા સ્ટેમ ફિલ્ડના વિદ્યાર્થીઓને આ લાભ ત્રણ વર્ષ સુધી મળે છે. આ ત્રણ વર્ષ દરમિયાન વિદ્યાર્થી પૂરા સમયની નોકરી કરી શકે છે, સારો પગાર મેળવી શકે છે અને અમેરિકન કોર્પોરેટ કલ્ચરનો અનુભવ લઈ શકે છે. આ અનુભવ જ તેના ભવિષ્યના રેઝ્યૂમેને મજબૂત બનાવે છે. આ કારણોસર જ ઓપીટીને વિદ્યાર્થીઓ માટે ગોલ્ડન ચાન્સ માનવામાં આવે છે. વર્તમાન આંકડા પ્રમાણે આ યોજના હેઠળ કામ કરતા વિદેશી વિદ્યાર્થીઓમાં સૌથી મોટી સંખ્યા ભારતીયોની છે, જે લગભગ એક લાખ જેટલી છે.

## પ્રાસંગિક
### સુરેશ દેસાઈ

હવે વાત કરીએ એચ વન બી વિઝાની. ઓપીટી એ માત્ર શરૂઆત છે, અંતિમ લક્ષ્ય તો એચ વન બી વિઝા મેળવીને અમેરિકામાં કાયમી ધોરણે સ્થાયી થવાનું હોય છે. એચ વન બી એ અમેરિકન કંપનીઓ દ્વારા વિદેશી પ્રતિભાશાળી કર્મચારીઓને આપવામાં આવતો વર્ક વિઝા છે. સામાન્ય પ્રક્રિયા એવી હોય છે કે વિદ્યાર્થી જ્યારે ઓપીટી પર કોઈ કંપનીમાં કામ કરતો હોય અને કંપનીને તેનું કામ પસંદ આવે, તો કંપની તેના વતી એચ વન બી વિઝા માટે અરજી કરે છે. આ વિઝાની દર વર્ષે લોટરી નીકળે છે અને તેમાં નામ આવ્યા બાદ વિદ્યાર્થી લાંબા ગાળા માટે અમેરિકામાં રહી શકે છે. મોટાભાગના કિસ્સામાં એવું જોવા મળ્યું છે કે પંચોતેર ટકા જેટલા વિદ્યાર્થીઓ ઓપીટી બાદ એચ વન બી દ્વારા જ અમેરિકામાં સેટલ થાય છે. ગયા વર્ષે ટ્રમ્પ સરકારે આ વિઝા કેટેગરીની ફીમાં પણ જંગી વધારો કરીને તેને એક હજાર ડોલરથી વધારીને એક લાખ ડોલર કરી દીધી હતી, જેના પર અત્યારે કોર્ટ દ્વારા કામચલાઉ રોક લગાવવામાં આવી છે. એટલે પહેલા એચ વન બી અને હવે ઓપીટી બંને પર એક લાખ ડોલરની ફીનો બોજો એ વિદ્યાર્થીઓ માટે બેવડો ફટકો સાબિત થશે.

આ નવી ફી વ્યવસ્થાથી ભારતીય સમુદાય પર ખૂબ ઊંડી અસર પડશે. આપણા દેશમાંથી અમેરિકા ભણવા જતા મોટાભાગના યુવાનો મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવે છે. તેઓ એજ્યુકેશન લોન લઈને, પોતાની જમીન કે ઘર ગીરવે મૂકીને કરોડો રૂપિયાનો ખર્ચ કરીને અમેરિકા જાય છે. તેમની આખી આર્થિક યોજના ઓપીટી પર ટકેલી હોય છે. તેઓ વિચારે છે કે બે વર્ષ ભણ્યા પછી ત્રણ વર્ષ નોકરી કરીને લોન ભરી દઈશું. પરંતુ જો નોકરી શરૂ કરતા પહેલા જ છન્નુ લાખ રૂપિયા ભરવાના થાય તો આખું બજેટ ખોરવાઈ જશે. ઘણા પરિવારો માટે આ રકમ ભરવી શક્ય જ નહિ બને, એટલે વિદ્યાર્થીઓએ ડિગ્રી લઈને તરત જ દેશમાં પાછા ફરવું પડશે. બીજી તરફ, અમેરિકન કંપનીઓ પણ કોઈ વિદ્યાર્થી માટે આટલી મોટી ફી ભરવા તૈયાર નહિ થાય, કારણ કે તેમને સ્થાનિક ઉમેદવારો સરળતાથી મળી રહેશે. પરિણામે ભારતીય વિદ્યાર્થીઓ માટે નોકરીના દરવાજા બંધ થઈ જશે અને અમેરિકામાં ભારતીય ટેલેન્ટની જે સાખ છે તેને પણ નુકસાન પહોંચશે. આ માત્ર વિદ્યાર્થીઓનો પ્રશ્ન નથી, પરંતુ ભારતમાંથી થતા કરોડો ડોલરના શિક્ષણ રોકાણ સાથે જોડાયેલો મુદ્દો છે.

આ ગંભીર બાબતને લઈને ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તાજેતરમાં નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે ભારત સરકાર આ સમગ્ર ઘટનાક્રમ પર બારીકાઈથી નજર રાખી રહી છે. તેમણે કહ્યું હતું કે દરેક દેશને પોતાની વિઝા અને ઈમિગ્રેશન નીતિ નક્કી કરવાનો સાર્વભૌમ અધિકાર છે અને ભારત તેનું સંપૂર્ણ સન્માન કરે છે. અમેરિકા પોતાના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લઈ શકે છે. પરંતુ જ્યારે પણ અમારા નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓના હિતની વાત આવશે, ત્યારે ભારત સરકાર ચૂપ નહિ બેસે અને રાજદ્વારી સ્તરે અમેરિકા સમક્ષ પોતાનો પક્ષ મજબૂતીથી રજૂ કરશે. આ નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે ભારત સરકાર આ મુદ્દે સતર્ક છે અને વિદ્યાર્થીઓને એકલા છોડવાની નથી.

**અમેરિકન સરકારે ભારતના વિદ્યાર્થીઓ પર જે આંકરો ટેક્સ નાખ્યો છે તેને કારણે અમેરિકાને જે આવક થશે તે એની પોઝિટિવ વસ્તુ હશે પરંતુ એની સામે લાખો વિદ્યાર્થીઓ આ આખરી ફી ભરવાને બદલે ભારત પાછા આવશે તેને કારણે લાંબા ગાળે ભારતને ફાયદો થશે.**

# વ્યક્તિત્વ એવું રાખવું કે લોકોને આપણી જરૂર પડે, ગરજ નહી !




જીવનમાં દરેક માણસ કંઈક મેળવવાની દોડમાં છે. કોઈ સંપત્તિ એકત્રિત કરે છે, કોઈ સત્તા, કોઈ પ્રતિષ્ઠા અને કોઈ પ્રસિધ્ધિ. પરંતુ આ બધામાં સૌથી કિંમતી સંપત્તિ હોય તો તે છે;ઉત્તમ વ્યક્તિત્વ. કારણ કે ધનથી માણસ શ્રીમંત બની શકે, સત્તાથી પ્રભાવશાળી બની શકે, પરંતુ સારા વ્યક્તિત્વથી જ તે લોકોના હૃદયમાં સ્થાન મેળવી શકે છે. માણસનું સાચું મૂલ્ય તેના ધન, હોદ્દા કે સત્તાથી નક્કી થતું નથી, પરંતુ તેના વ્યક્તિત્વથી નક્કી થાય છે. જીવનમાં એવી સ્થિતિ ઊભી કરવી જોઈએ કે લોકો આપણો સંપર્ક માત્ર પોતાના સ્વાર્થ માટે નહીં, પરંતુ આપણા સારા સ્વભાવ, માર્ગદર્શન, વિશ્વાસ અને સહકાર માટે કરે.એટલેજ કહેવાયું છે કે "વ્યક્તિત્વ એવું રાખવું કે લોકોને આપણી જરૂર પડે, ગરજ નહીં." આ એક વાક્ય જીવન જીવવાની સાચી કળા શીખવી જાય છે.

"ગરજ" અને "જરૂર" વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. ગરજનો સંબંધ સ્વાર્થ સાથે હોય છે, જ્યારે જરૂરનો સંબંધ વિશ્વાસ, લાગણી અને આત્મીયતા સાથે હોય છે. સ્વાર્થ પૂરો થાય એટલે ગરજ પણ પૂરી થઈ જાય છે. પરંતુ જે વ્યક્તિ પોતાના પ્રેમ, સ્નેહ, માર્ગદર્શન અને માનવતાથી બીજાના જીવનમાં સ્થાન બનાવે છે, તેની જરૂર ક્યારેય ઓછી થતી નથી. "ગરજ" ક્ષણિક હોય છે, જ્યારે "જરૂર"કાયમી હોય છે. વરસાદ પડે ત્યારે જ છત્રીની ગરજ પડે, પરંતુ સૂર્યપ્રકાશ, હવા અને પાણીની જરૂર રોજ પડે છે. એ જ રીતે જે સંબંધો માત્ર સ્વાર્થ પર ટકેલા હોય છે, તે સમય જતાં તૂટી જાય છે. જ્યારે પ્રેમ, વિશ્વાસ, સદભાવ અને નિઃસ્વાર્થ સેવા પર આધારિત સંબંધો જીવનભર ટકી રહે છે.વિચાર કરો... વૃક્ષ ક્યારેય કોઈને બોલાવતું નથી. છતાં થાકેલો મુસાફર તેની છાયામાં બેસે છે, પક્ષીઓ તેમાં માળો બાંધે છે અને ભૂખ્યો માણસ તેનાં ફળ ખાય છે. વૃક્ષનું વ્યક્તિત્વ જ એવું છે કે તે સૌ માટે ઉપયોગી છે. તે કોઈ પાસેથી કંઈ માંગતું નથી, માત્ર આપતું રહે છે. માનવીનું વ્યક્તિત્વ પણ આવું જ હોવું જોઈએ.

## મનન ચિંતન
### ભરત બાવીશી



આજના યુગમાં સંબંધો ઘણીવાર લાભ-નુકસાનના ત્રાજવે તોલાય છે. જ્યાં સ્વાર્થ હોય ત્યાં સંબંધો બને છે અને સ્વાર્થ પૂરો થાય એટલે સંબંધો પણ ક્ષીણ થઈ જાય છે. પરંતુ નિઃસ્વાર્થ પ્રેમ, વિનમ્રતા, પ્રામાણિકતા અને કરુણાથી જોડાયેલા સંબંધો સમયની દરેક કસોટી પર ખરા ઉતરે છે.

એક સારો શિક્ષક માત્ર પાઠ્યપુસ્તક નથી ભણાવતો; તે જીવન જીવવાની દિશા બતાવે છે. એક સારો ડૉક્ટર માત્ર દવા નથી આપતો; તે દર્દીના મનમાં આશા જગાવે છે. એક સારો મિત્ર માત્ર સુખમાં નથી હોતો; દુઃખની ઘડીએ ખભે ખભો મિલાવીને ઊભો રહે છે. આવા લોકોની જરૂર જીવનના દરેક પડાવે અનુભવાય છે. અહંકાર વ્યક્તિત્વને નબળું બનાવે છે, જ્યારે વિનમ્રતા તેને ભવ્ય બનાવે છે. સુંદર વ્યક્તિત્વનો પાયો સારા વિચારો, મધુર વાણી, વિનમ્રતા અને કરુણાભાવ છે. જે વ્યક્તિ બીજાના દુઃખમાં સાથ આપે, સુખમાં આનંદ વહેંચે, મુશ્કેલીમાં માર્ગદર્શન આપે અને સફળતામાં અભિમાન ન કરે, તે સૌના હૃદયમાં સ્થાન મેળવે છે. એવા માણસને લોકો માત્ર કામ પડ્યે જ નહીં, ઃરંતુ સલાહ, પ્રેરણા અને હૂંફ માટે પણ યાદ કરે છે. લોકો તેને માત્ર ઓળખતા નથી, પરંતુ દિલથી સ્વીકારે છે.

અંતે, જીવનની સૌથી મોટી કમાણી સંપત્તિ નહીં, પરંતુ લોકોના હૃદયમાં મેળવેલું સ્થાન છે. ચાલો, આપણે એવું વ્યક્તિત્વ ઘડીએ કે જ્યાં આપણી ઓળખ હોદ્દાથી નહીં, પરંતુ આપણા સ્વભાવથી થાય; જ્યાં લોકો આપણને કામ પડ્યે નહીં, પરંતુ જીવનની દરેક મહત્વની ક્ષણે યાદ કરે. કારણ કે ગરજ સમય સાથે બદલાઈ જાય છે, પરંતુ જરૂર વિશ્વાસથી જન્મે છે અને જીવનભર ટકી રહે છે.

**જે વ્યક્તિની માત્ર ગરજ પડે છે, તે ભૂલાઈ જાય છે; પરંતુ જેની જરૂર પડે છે, તે હંમેશાં યાદ રહે છે.**

# બળુકા જુવાનની પ્રગતિશીલ ખેતી





મેહુલો મન મૂકીને વરસી રહ્યો છે. ધરતી લીલી ચાદર ઓઢીને સોનાવરણી બનીને લહેરાય રહી છે. ત્યારે મહેનત કશ ખેડુતો નવી, આશા, અપેક્ષાઓ કુદરત પાસે રાખીને બેઠા છે. જે ખેડુતોનો આધાર માત્ર ખેતી અને પશુપાલન છે. તેવા ધરતીના બળુકા સંતાનો માટે કુદરત અને ધરતીમાતા ચોક્કસ પોતાના હૈયાનું હેત પાથરશે. ખેડુતોને સમયસર ખાતર, દવા, પાણી, વિજળી અને સારૂ હવામાન કુદરતની મહેરબાનીથી મળી જાય તો મહેનત કરીને કાચુ સોનુ ઉપજાવી શકે છે. એ તાકાત ખેડુતોના બાવડામાં રહેલી છે.

દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજય સરકાર દ્વારા ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે જમીન બગડતી અટકે અને ખાતર, દવાના પૈસાની બચત થાય તે માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી રહ્યા છે. જેના સારા પરીણામો પણ મળી રહ્યો છે. ખેતીએ પશુપાલન વ્યવસાય સિવાય શકય નથી. તમામ ધંધા, રોજગારમાં મંદી આવશે પણ પશુપાલન આધારીત દુધ અને તેનુ મુલ્યવર્ધન કરીને દુધની વિવિધ બનાવટોમાં કયારેય મંદી આવવાની નથી. ત્યારે ખેતીને આવકનું સાધન કે આધુનિક ખેતી હોય કે પ્રાકૃતિક ખેતી હોય પશુપાલન સિવાય શકય નથી. ખેતીની જમીન એ ખેડુતોના દિકરાને વંશ પરંપરાગત મળતી હોય છે. એ જીવન નિર્વાહ પધ્ધતિ છે. તેને વ્યવસાયલક્ષી બનાવવા માટે પશુપાલન ખુબ જરૂરી છે. રાજકોટ જિલ્લાના

## ઝાકળનું એક બિંદુ
### હિરેન હિરપરા



ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામના ૨૫ વર્ષીય યુવાન ગામ-ગપાટા મારવા કરતા એન રોજગારીની શોધમાં ભટકવા કરતા પોતાના બાપ-દાદની ૧૦ વિઘા જમીનમાં ખેતી કરવાનું પસંદ કર્યુ. આ યુવા ખેડુતનું નામ છે કુલદિપ નિતિનભાઈ ઘડુક, જેનો અભ્યાસ ૧૨ ધોરણ સુધીનો છે. કુલદિપના પિતા નિતિનભાઈ છેલ્લા ૮-૧૦ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે. પોતાની જમીન રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી બગડે નહિ ઉપરાંત અનાજ, કઠોળ, શાકભાજી માટે ખાતર સારૂ અને શુધ્ધ મળી રહે તેવો આશય હતો. ઉપરાંત રાસાયણિક ખાતરો અને દવાઓના ખર્ચાઓ ઘટી જાય જાતે જ જીવામૃત, ઘન જીવામૃત અને વિવિધ વનસ્પતિઓના અર્ક બનાવી રોગ-જીવાત કંટ્રોલ કરે છે. કુલદિપ કહે છે. પોતાની દસ વિઘા જમીનમાંથી ૭ વિઘા જેટલી જમીનમાં ચોમાસા દરમ્યાન મરચી અને હળદરનું વાવેતર કરે છે. ગત વર્ષ ૩૦૦૦ કિલો મરચુ પાવડરનું વેચાણ કરેલ એક કિલોનો ભાવ રૂ.૫૫૦ આસપાસ મળેલો હતો જયારે ૧૦૦૦ કિલો હળદરનું વેચાણ કરેલ જેમાં હળદરનો ભાવ રૂ.૩૫૦ આસપાસ મળેલ હતો. શિયાળામાં ચણાનું વાવેતર કરે છે. ચાલુ વર્ષ તેમાંથી મુલ્યવર્ધન કરવાનું પ્લાન છે. ઉનાળામાં જમીનને ખેડીને પડતર રહેવા દે છે. આમ જમીનને આરામ આપે છે. રામ જાણે ખેડૂતોના મન ટુંકા થતા જાય છે. ભૂતકાળમાં દાદા-પરદાદા ખેતી કરતા હતા ત્યારે શેઢે પાળે એવા ફળાવ ઝાડ વાવતા કે વાડીએ જાય એટલે કંઈક ખાવાનું મળી રહે. જી.સી.બી. આવતા શેઢા-પાળાના વૃક્ષોનુ નિકંદન નિકળી ગયુ પરંતુ કુલદિપે પોતાના શેઢા ઉપર ફળાવ વૃક્ષો સાથે આમળાનું વાવતેર કર્યુ છે. ઓછાપાણી અને દવા વિના આમળાનું ઉત્પાદન મેળવી શકાય છે. ૧૫૦ ઝાડ છે. એક ઝાડ ઉપરથી વર્ષ દરમ્યાન ૨૦૦ કિલો ઉત્પાદન મેળવી શકાય છે. આ ઉપરાંત ૩૦ જેટલી ગીર ગાયો છે. બ્રિડ સંવર્ધન માટે રાખેલો બુલ તેની કિંમત અંદાજે ૧૬થી ૧૭ લાખ છે. આ બુલની બ્રિડ લાઈન ભાવનગર તોગડીયા કહેવાય છે. કુલદિપ ઓનલાઈન ખેત પેદાશો તો વહેચે છે પરંતુ એ-૨ ઘી એક લીટર ૨૨૦૦ રૂપિયાના ભાવથી વહેચે છે. આ સફળતામાં તેનો કોઈ માલિક નથી. સમયસર નોકરી - ધંધાએ ન જાય તો ઠપકો મળતો હોય છે. કુલદિપ કહે છે અહિં ઠપકો નથી. ખેડુતનો દિકરો છું. નોકરી કરતા આધુનિક ખેતી કરીશ અને મારો માલીક હું પોતે જ. કુલદિપ ધડુકનો સંપર્ક નં.૭૦૧૬૬૧૬૧૦૫ છે.

## :: તિખારો ::

**"વિશ્વાસ એ એવો દીવો છે, જે અંધકારમાં પણ પ્રકાશ આપે છે. ભરોસો એ એવો સંબંધ છે, જે દરેક મુશ્કેલીમાં સાથ આપે છે. આશા એ એવી શક્તિ છે, જે થાકેલા મનને ફરી ઊભું થવાની હિંમત આપે છે. જ્યાં વિશ્વાસ, ભરોસો અને આશા જીવંત હોય છે, ત્યાં કોઈ પણ સંઘર્ષ મોટો લાગતો નથી અને સફળતાનો માર્ગ જરૂર ખુલે છે."**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતિ કાર્યો

**મગફળી:**
મગફળીના પાકમાં જુદા જુદા સમયે કઈ ફૂગનાશક વાપરવી તે જોઈએ તો ૩૫ થી ૪૦ દિવસે ૦.૦૦૫ ટકા હેક્ઝાકોનાઝોલ ૨૫ એમ એલ પંપ નાખી છંટકાવ કરવો. ત્યાર પછી ૫૦ થી ૫૫ દિવસનો પાક થાય ત્યારે ટેબ્યુકોનાઝોલ ૧૦ % + સલ્ફર ડબલ્યુજી ૩૦ ગ્રામ પંપ નાખી છંટકાવ કરવો. ખાસ ધ્યાન રહે કે આ સમયે તાપમાન ૩૦ વધુ ન હોવું જોઈએ. ૩૦ કરતાં વધારે તાપમાન થાય તો આ દવાનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ત્રીજી જે દવા છે એ ૬૫ થી ૭૦ દિવસનો પાક થાય ત્યારે ફ્લુક્ઝાપાયરોક્ઝેડ + પાયરાક્લોસ્ટ્રોબીન ૧૦ થી ૧૨ એમ એલ પંપ નાખી છંટકાવ કરવો જોઈએ અથવા એઝોસ્ટ્રોબીન ૧૮.૨ % + ડાયકેનાકોનાઝોલ ૧૧.૪% ૧૫ થી ૨૦ એમ એલ પંપ નાખી છંટકાવ કરવો

**મગફળીમાં લોહ તત્વની ખામી :** સામાન્ય રીતે મગફળી જમીનમાં લોહ તત્વની ખામીના લીધે પીળી પડતી હોય છે. જેના નિરાકરણ માટે ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ (હીરા કસી) અને ૧૦ ગ્રામ સાઈટ્રીક એસિડ (લીંબુના ફૂલ (૧૦ લીટર પાણીમાં ઓગળી છંટકાવ કરવો. જરૂર જણાય તો બીજા બે છંટકાવ ૮ થી ૧૦ દિવસના અંતરે કરવા.

**ગેરૂ:** આ રોગ પકસીનીયા એરીચીડીસ નામની ફુગથી થાય છે. ગેરૂ રોગના લીધે દાણાની ગુણવતામાં પણ અસર થાય છે. આ રોગને લીધે છોડના પાન ઉમર પહેલા સુકાઈ જાય છે જેને લીધે ચારાની ગુણવતામાં પણ અસર થાય છે.

**રોગના લક્ષાણો :**આ રોગની શરૂઆતમાં પાનની નીચેની સપાટી પર ટાંચણીના માંથા જેવડા નાના ગેરૂ રંગના ઉપસેલા ટપકા દેખાય છે અને આ ટપકાની બરાબર ઉપરની સપાટી પીળી પડે છે. વખત જતા આવા ગેરૂના ટપકા પાનની ઉપરની સપાટી પર અને જો રોગ ઉગ્ર સ્વરૂપમાં હોયતો છોડની દાંડી પર પણ આછા ટપકા જોવા મળે છે. રોગવાળા પાન સુકાઈ ને ખરી પડે છે. આ રોગને કારણે ડોડવામાં દાણા પુરા ભરાતા નથી અને ગુણવતા નબળી રહે છે.

**નિયંત્રણઃ** ચોમાસુ પાક લીધા પછી મગફળીના અરોડા છોડનો નાશ કરવો જેમા પ્રાથમિક રોગના બીજાણુઓ રહેલા હોય છે.

● મગફળીનો પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે ક્લોરોથેલોનીલ અથવા મેન્કોઝેબ ૦.૨ ટકા (૧૦ લીટર પાણીમાં ૨૫ ગ્રામ) અથવા હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા (૧૦ લીટર પાણીમાં ૧૦ મી.લી.) ના ૩ છંટકાવ ૧૨ થી ૧૫ દિવસના અંતરે કરવા. વાવેતર બાદ ૪૦ દિવસે હેક્ઝાકોનાઝોલ ૧૦ મિલી.૧૦ લીટર પાણીમાં અને ૬૦ અને ૮૦ દિવસે ટાલ્કમ પાવડર આધારિત સ્યુડોમોનાસ ફ્લ્યુરોસન્સ અથવા હેક્ઝાકોનાઝોલનો છંટકાવ કરવો થડ / ડોડવાનો સડો આ રોગ સ્ક્લેરોશીયમ નામની ફૂગથી થતો હોય છે.

**રોગની ઓળખ અને નુકશાન :** જમીનની લગોલગ તથા અંદર, થડ ઉપર આછા ભુખરા રંગનાં ધાબા દેખાય. થડ ઉપર સફેદ ફુગનાં તાંતણા દેખાય જેમાં ફુગની ગોળાકાર સફેદ રંગની પેશીઓ બને. વખત જતાં આ પેશીઓ (સ્કલેરોશીયા) રાઈના દાણા જેવી બને છે. સફેદ ફુગ ડોડવા પર પણ જોવા મળે. જેને કારણે દાણા જાંબુડીયા રંગનાં થઈ જાય. રોગ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો આખો છોડ સફેદ ફુગનાં તાંતણાંથી ઘેરાઈ જાય. છોડ સુકાઈ જાય છે. હમણાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાન ઉપર ટપકાનાં સ્વરૂપમાં પણ આ રોગ જોવા મળેલ છે

**નિયંત્રણ :** મગફળીના થડ અને ડોડવાના સડાનાં અસરકારક નિયંત્રણ માટે ને ૧૨૫ કી.ગ્રા. દિવેલીના ખોળમાં ભેળવી વાવેતર સમયે ચાસમાં આપવું અને તેટલો જ જથ્થો વાવેતરના એક મહિના પછી થડની પાસે વેરીને આપવો.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**શેરડી :** શેરડીના પાકમાં પાંદડા પીળા પાડવાનું કારણ વાયરસની સમસ્યા છે. આ વાયરસ મોલો (મેલાનોફિસ સેકચારી અને રોપાલોસિફમ માયડિસ) દ્વારા ફેલાય છે. વાયરસના કારણે પાંદડાની મધ્ય શીરા પીળી પડે છે, નવા પાંદડા સુકાઈ જવા લાગે છે, શેરડીનો વિકાસ ઓછો થાય છે, પાંદડા વિકૃત થઈ જવા લાગે છે, છોડ ગુચ્છા જેવો દેખાવા લાગે છે. વાયરસની આ સમસ્યાના નિવારણ માટે મોલોનું નિયંત્રણ કરવું જરૂરી છે, જેના માટે લીમડાનું તેલ અથવા કાર્બનિક પદાર્થોનો છંટકાવ કરવો રાસાયણિક રીતે નિયંત્રણ કરવા માટે થાયોમેથોક્સમ ૭૫% SG ૧૦૦ ગ્રામ ન કેપ્ટન ૭૦% + હેક્સાકોનાઝોલ ૫% WP ૪૦૦ ગ્રામ પ્રતિ એકર છંટકાવ કરો.

**તલ:** ● તલનાં પાકમાં ઈન્ડોલ એસેટિક એસીડ(IAA) ૧ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ફૂલ આવવાની અવસ્થાએ છંટકાવ કરવો.


● પાન/ થડનો સુકારોનાં નિયંત્રણ માટે કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ અથવા મેન્કોઝેબ ૨૬ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.બીજો છંટકાવ ૧૫ દિવસે કરવો.

**સુર્યમુખી:** ● સૂર્યમુખી પાકમાં લીલી ઈયળ મુખ્ય જીવાત છે. તેના નિયંત્રણ માટે બેસિલસ થુરીન્ઝીનેસીસ ૨ લી./હેક્ટર અથવા લીલી ઈયળનું એન. પી.વી. ૨૫૦ એલઈ/હેકર અથવા કિવનાલફોસ અથવા ફેનવાલરેટ નો છંટકાવ કરવો.

**દિવેલા :** ● જમીનજન્ય રોગોથી છોડના રક્ષણ માટે વાવતા પહેલા બીજને ફૂગનાશક દવા (થાયરમ) કિલો બીજ દીઠ ૩ ગ્રામ અથવા બાવીસ્ટીન ૧ ગ્રામ પ્રમાણે પટ આપી વાવણી કરવી. દિવેલાની હાઈબ્રીડ જાતો માટે પ્રમાણિત બિયારણ વાપરવું.

**ડાંગરઃ**
● ડાંગરની સીરા પધ્ધતિથી પણ વાવેતર કરી શકાય. ખાતર નો જથ્થો ૪૦% નાઈટ્રોજન અને ૧૦૦% ફોસ્ફરસ રોપણી સમયે ૪૦ ટકા ફાલ આવે ત્યારે અને ૨૦% કંટી બેસે ત્યારે

● ચૂસીયાંનો ઉપદ્રવ જોવા મળે કે તરત જ ક્યારીમાંથી પાણી નિતારી નાખવું .



**મરચીના ધરુ ઉછેર :-** મરચીના એક હેક્ટરના વાવેતર માટે ૧૦૦ થી ૧૨૦ ચો.મી. ના ધરુવાડીયાની જરૂરિયાત રહે છે. આ માટે ધરુવાડીયામાં ૧ ટન છાણિયું ખાતર, ૫ કિગ્રા ડીએપી તથા ૨૫૦ ગ્રામ ફોરેટ ૧૦ જી. દવા ધરુવાડીયુ તૈયાર કરતી વખતે જમીનમાં ભેળવવું. ત્યારબાદ 3x1 મીટરના ક્યારા બનાવવા. એક હેક્ટરના વાવેતર માટે ૬૦૦ થી ૭૦૦ ગ્રામ બીજની જરૂરિયાત રહેશે. બીજ વાવેતર બાદ હળવું પિયત આપવું. ધરુ ઉછેર દરમ્યાન પાક સંરક્ષણના પૂરતા પગલા લેવા. ધરુ જ્યારે ૪૦ થી ૪૫ દિવસના ૨૦ થી ૨૫ સેમી. ઉંચાઈના થાય ત્યારે ફેરરોપણી કરવી. વધુમાં ધરુ મૃદા રહિત માધ્યમ જેવા કે કોકોપીટ, પરલાઈટ અને વર્મીકયુલાઈ માં કરી શકાય.



**બાગાયત :**

**કેળ :**

● દરીયા કિનારાના સતત પવનથી પાકને સુરક્ષિત રાખવા પવન અવરોધક વાડ કરવી ઉપરાંત કેળનું રોપાણ ઈશાન-નૈઋત્યદિશામાં કરવું.



● આ પધ્ધતિથી વાવેતર કરવાથી પવન સોંસરવો નીકળી જશે અને બધા જ છોડને સુર્ય પ્રકાશ પણ એક સરખો મળશે.

● કેળનું સારૂ ઉત્પાદન લેવા એક હેક્ટર વિસ્તાર માટે ૧૦૦ થી ૧૨૫ ગાડા સારૂ કોહવાયેલ છાણિયું ખાતર લેવું તેમાંથી અડધું જમીન તૈયાર કરતી વખતે ખેડ સાથે ભેળવી દેવું, અને બાકીનું રોપણી વખતે ખાડાની માટી સાથે મેળવી પીલો રોપવો.

● છાણિયું ખાતર ન મળે તો લીલો પડવાશ કરવો રોપણી વખતે છોડ દીઠ ૩૦૦ ગ્રામ દિવેલીનો ખોળ આપવો.

● રાસાયણિક ખાતર વાવેતર બાદ ત્રીજા, ચોથા અને પાંચમાં માસે છોડ દિઠ ૧૪૦ ગ્રામ યુરીયા, ૧૦૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવા. જયારે ૫૬૦ ગ્રામ સીંગલ ફોસ્ફેટ પ્રથમ હપ્તે જ આપી દેવું.

● ધનીષ્ટ પધ્ધતિમાં વાવેતરનાં અંતરો ઘટાડતાથી નોંધ પાત્ર વધારો ઉત્પાદનો મળ્યા છે. ઉપરાંત જમીન, પાણી, સૂર્યપ્રકાશ, વિગેરેનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. આર્થિક રીતે ફાયદો થાય છે.

● દરેક ફળઝાડને સમયસર સેન્દ્રીય અને રાસાયણિક ખાતરો આપવા જોઈએ. ક્યા ખાતરો કેટલા પ્રમાણમાં આપવા તે ફળપાકની જાત, ઝાડની ઉમર તથા જમીનના પ્રકાર ઉપર આધારરાખે છે. જે માટે ચોમાસામાં લીલો પડવાશ કરવો સલાહ ભરેલ છે. છાણિયું ખાતર ચોમાસા પહેલા એકજ હપ્તે આપી જમીનમાં ભેળવી દેવું.



# ચોમાસું વેલાવાળા શાકભાજીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ





આ પાકોમાં વિપુલ પ્રમાણમાં પોષકતત્વો, વિટામિન્સ તેમજ ક્ષારો હોવાથી પોષકમૂલ્ય ખૂબ જ ઉંચુ છે. વેલાવાળા શાકભાજીમાં વિપુલ પ્રમાણમાં પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, લોહ, મેગ્નેશીયમ, આરજીનાઈન, મીથીયોનાઈન અને નાઈસીન જેવા ઘટકો હોય છે. પ્રાચિનકાળથી વેલાવાળા શાકભાજીના છોડના વિવિધ ભાગો, ફળ, પાન, મૂળ વગેરેનો ઉપયોગ આર્યુવેદિક રીતે થતો આવેલ છે. માનવ આહારમાં આ વર્ગના પાકા ફળો તેમજ કુમળા ફળોનો ખાસ કરીને કચુંબર, રાંધીને, અથાણા તરીકે ઉપયોગ કરી શકાય છે.

**આબોહવાઃ** ખાસ કરીને ચોમાસું વેલાવાળા શાકભાજીને ગરમ અને ભેજવાળી આબોહવા વધુ અનુકૂળ પડે છે. વધુ પડતી ઠંડીથી વેલામાં નવા સ્પ્રાઉટનો વિકાસ રૂંધાય છે. (પરવળ, ટીડોળા અને કંટોલા). સામાન્ય રીતે ૨૫ સે. થી ૩૫ સે. તાપમાન ખૂબ જ અનુકૂળ પડે છે પરંતુ રાત્રીનું તાપમાન નીચું જાય તો પાકની વૃધ્ધિ અને વિકાસ અટકી જાય છે. પરવળની ખેતી માટે સતત વરસાદવાળા તથા વરસાદ કે પિયતનું પાણી ભરાઈ રહેતું હોય તેવો વિસ્તાર અનુકૂળ નથી.

**જમીનઃ** સારા નિતારવાળી, ગોરાડુ, મધ્યમકાળી, બેસર કે ભાઠાની જમીન વધુ માફક આવે છે. પાકની રોપણી કરતાં પહેલાં જમીનને બે થી ત્રણ ખેડ ઊંડી કરી પાયાનાં ખાતરોમાં છાણિયું ખાતર નાખી સમતલ કરવી. દૂધી, કોળુ, પરવળ અને ટીંડોળા વાવેતર ૨ x ૧ મીટર અથવા ૨ x ૧.૫ મીટરે કરવું. તુરીયા, ગલકા, કારેલા, કાકડી, જેવા પાકોનું વાવેતર ૧.૫ x ૧ મીટર અથવા ૧.૫ x ૦.૫ મીટરના અંતરે કરવું.

**બિજ દર :** મોટાભાગનાં વેલાવાળાં શાકભાજીનો બીજ દર ૨ થી ૩.૫ કી/ હે. હોય છે.

**વાવણીઃ** મોટાભાગનાં વેલાવાળાં શાકભાજીની વાવણી ચોમાસામાં જુન – જુલાઈ કરવામાં આવે છે.

દરેક ખામણાં દીઠ બે થી ત્રણ બીજ થાણવા. ચોમાસામાં (વરસાદ ન હોય તો) રોપણી બાદ હળવું પિયત ચાસમાં આપવું.પરવળ, કંકોડા અને ટીંડોળાનું વાવેતર વેલાનાં કટકા સીધા જ ખેતરમાં રોપીને અથવા લો-કોસ્ટ ગ્રીન હાઉસમાં છોડ ઉછેરીને કરવામાં આવે છે. જે માટે ૫-૧૦ માસ જુનાં રોગજીવાત મુક્ત તંદુરસ્ત વેલાની પસંદગી કરવી.પરવળ અને કંકોડા દ્વિગૃહી પાક હોવાથી તેમાં નર અને માદાનાં ફલ અલગ અલગ છોડ ઉપર આવે છે માટે કટકાની વાવણી કરતી વખતે દર દશ માદા છોડ દીઠ એક નર છોડનો વેલો (૧૦:૧) આવે તે રીતે કટકાની રોપણી કરવી.

**નવીનતમ જાતઃ**

● **દુધી પાક માટે :** આણંદ દુધી-૧, પુસા સમર પ્રોલીફિક લોંગ, પુસા નવિન, પુસા હાયબ્રિડ-૩, અરકા બહાર, પંજાબ કોમલ, જુનાગઢ ટેન્ડર લોંગ, પંત લોકી-૪ અને પૂસા મેઘદૂત

● **તુરીયા પાક માટે :** ગુજરાત જુનાગઢ તુરીયા હાઈબ્રીડ-૧, પુસા નસદાર, કોઈમ્બતુર-૧ અને ૨, જયપુર લાંબા, ગુજરાત આણંદ તુરીયા-૧, સીઓ-૧ અને સુરેખા સુપ્રિયા

ર્ડા.રાકેશ.એસ.પરમાર, શ્રી અર્પિત.પી. ભુરીયા, ર્ડા.ધવલ.એન.પડાળીયા અને ર્ડા. આશિષ જી વાળા ૧. આચાર્ય. ૨ & ૩. મદદનીસ પ્રાધ્યાપક પોલીટેકનિક ઇન એગ્રીકલચર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, ધારી ૪. મદદનીસ પ્રાધ્યાપક કૃષિ મહાવિદ્યાલય, વિભાગ બાયો ટેક.જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

● **ગલકા માટે :** પુસા ચિકની, ગુજરાત ગલકા-૧, હરિતા અને પૂસા

● **કારેલા :** પુસા દો મોસમી, અરકા હરીત, પ્રિયા, કોઈમ્બતુર લોંગ તેમજ પ્રાઈડ ઓફ ગુજરાત

● **કાકડીઃ** ગુ. કાકડી-૧, પુસા સફેદ, હિમાન્ચી, સિલેકશન-૧, પુસા સંયોગ, જાપાનીઝ લોંગ ગ્રીન, પૂસા ખીરા અને સ્ટેઈટ એઈટ

● **કંકોડા :** સ્થાનિક તેમજ અન્ય લોકલ પ્રચલિત જાત

● નાના અને મોટા કોળુ : આણંદ કોળું-૧, અર્કા વિશ્વાસ, અર્કા ચંદન પુસા, વિશ્વાસ અને અર્કા સૂર્યમૂખી

● પરવળ : ગુજરાત નવસારી પરવળ -૧, સ્વર્ણ રેખા, સ્વર્ણ અલોકિક, રાજેન્દ્ર પરવળ-૨ તેમજ એફ પી -૧,૩,૪,૫ જાત

● **ટીંડોરા :** ઢોલકી ટાઈપ, સુરતી કલી, ગુજરાત નવસારી ટીંડોળા-૧, સ્થાનિક લોકલ જાતો, ટુંકા અને લાંબા

**નિંદામણ અને આંતરખેડ :**


વાવણી બાદ ૧૦ થી ૧૨ દિવસે કરબડીથી આંતરખેડ કરવી. ત્યાર બાદ ૨ થી ૩ વખત કરબડી ચલાવવી. જરૂરિયાત મુજબ ૨ થી ૩ વખત હાથથી નિંદામણ કરતાં રહેવું. માંડવા પધ્ધતિથી વાવેતર કરેલ હોય ત્યારે હાથથી નીંદણ દૂર કરવું. માંડવા પધ્ધતિમાં ચીઢા અને ધરો જેવા હઠીલા નીંદણનો પ્રશ્ન વધારે હોય તો જમીન ખુલ્લી હોય ત્યારે ગોડ કરી દૂર કરવા.

**ખાતરઃ** જમીનનું પૃથકકરણ કરાવ્યા પછી જે તે પાકને જરૂર પૂરતા તત્વો આપવા જોઈએ. પ્રાથમિક ખેડ વખતે ૧૫ થી ૨૦ ટન સારૂં કોહવાયેલું છાણીયું ખાતર જમીનમાં નાખી બરાબર ભેળવવું.રોપણી વખતે પાયામાં નાઈટ્રોજન અડધો જથ્થો તેમજ ફોસ્ફરસ અને પોટાસ નો પૂરા જથ્થો નાખવો. શાકભાજીના પાકમાં જે ખાતરો આપવામાં આવે છે તે છોડના મૂળની નજીક યોગ્ય ઉંડાઈએ આપવામાં આવે તો જ છોડ સહેલાઈથી લઈ શકે એટલે વધુ અંતરે વવાતા વેલાવાળા શાકભાજી પાકોમાં ખાતર દરેક છોડની ફરતે ખામણું બનાવીને આપવું જોઈએ. ખાતર આપ્યા પછી જમીનમાં ભેજ ઓછો હોય તો હળવું પિયત આપવું.

**પિયત વ્યવસ્થાઃ** વેલાવાળા શાકભાજીમાં પિયત ખુબજ અગત્યનું પરિબળ છે. વધારે પિયત કે પાણી ભરાઈ રહેવાથી વેલા કોહવાઈ જાય છે.ચોમાસામાં વરસાદ ખેંચાઈ ત્યારે તેમજ ઓકટોમ્બર-નવેમ્બરમાં જરૂરિયાત મુજબ ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું. પાકની શરૂઆતની અવસ્થામાં ઢાળીયા દ્વારા પિયત આપવું. વેલાવાળા પાકો વધારે અંતરે તેમજ માંડવા કે ટેકા પધ્ધતિથી વાવેતર કરવામાં આવતાં હોવાથી ટપક પધ્ધતિનો ઉપયોગ સહેલાઈથી કરી શકાય છે.

**વેલાવાળામાં શાકભાજીમાં મંડપ અને ટેકા પધ્ધતિઃ** લાકડા, સિમેન્ટ અથવા લોખંડના થાંભલાઓ જમીનમાં ખોડીને ૫ થી ૬ ફુટની ઉંચાઈએ તેના ઉપર તાર, સુતળી કે પ્લાસ્ટિકની દોરી બાંધી વેલાઓને તેની ઉપર વ્યવસ્થિત રીતે ચઢાવવા. પિયત અને ખાતરો આપવા, નિંદામણ કરવા, ફળ ઉતારવામાં અનુકૂળતા રહે છે. ફળની ગુણવત્તા અને આકાર એક સરખા મળે છે. ફળ જમીનના સંપર્કમાં આવતા ન હોવાથી તેની ગુણવત્તા સારી રહે છે તેમજ કોહવાતાં નથી. આ પધ્ધતિમાં ટપકથી સિંચાઈ તેમજ ખાતરો આપવામાં અનુકૂળતા રહે છે. વેલાની છંટણી (પરવળ, ટીંડોળા અને કંટોલા): શિયાળામાં ઠંડીના સમયે વેલાઓ સુકાઈ જાય છે અને ખાખરો પડે છે. મુળ સુષુપ્ત અવસ્થામાં રહે છે. ડીસેમ્બર જાન્યુઆરી માસ દરમિયાન પાક આરામની અવસ્થામાં હોય ત્યારે ૩૦ થી ૪૫ સેમી લંબાઈ રાખીને ઉપરનો સુકાય ગયેલો ભાગ કાપી નાંખવો. **(ક્રમશઃ)**

# ચોમાસામાં પશુઓની સંભાળઃ જરૂરી માર્ગદર્શન



આપણા દેશમાં મોટા ભાગના ખેડૂતો ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય કરતા હોય છે અને દેશની ભૌગોલિકતાને આધારે પશુઓ રાખતા હોય છે. જેમાં ગાય, ભેંસ, ઘેટા, બકરાં, ઘોડા, વગેરે જાનવરોનો સમાવેશ થાય છે. પશુપાલનમાં સારૂ નફાકારક ઉત્પાદન મેળવવા માટે પશુની સારી રીતે જાળવણી કરવી જરૂરી છે. તેમાં પણ ચોમાસા જેવી ઋતુમાં કે જેમાં રોગનો ઉપદ્રવ વધી જતો હોય છે. પશુના સ્વાસ્થ્ય અને ઉત્પાદન માટે પશુની જાળવણી કરવી ખુબજ મહત્વની બની જાય છે. ચોમાસાની ઋતુ દરમિયાન પશુપાલકોને નીચે મુજબની મુશ્કેલીઓ નડતરરૂપ બની શકતી હોય છે.

**૧) છાપરામાંથી પાણી ટપકવુંઃ-** છાપરામાંથી પાણી ટપકવાથી પશુની આરામદાયકતા પર અસર થાય છે. જો કોઢને સરખો સાફ કરવામાં ન આવતો હોય તો પાણીને કારણે કોઢમાં એમોનિયાનું ઉત્પાદન થવા લાગે છે જેના કારણે આંખોમાં બળતરા થતી જોવા મળે છે. ગંદા કોઢ તેમજ કોઢની અદરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાથી પરોપજીવીઓના ઉપદ્રવ વધે છે. જેના કારણે કોકિસડિયોસીસ (કોકસીડીયા નામના સુક્ષ્મ-જીવથી થતો એક રોગ) નામનો રોગ થવાની શકયતા વધી જાય છે.


૨) ભોયતળિયુંઃ- પશુના કોઢમાં પાકુ તળિયું રાખવામાં આવ્યું હોય તો ધ્યાન રાખવું કે ભોયતળિયું લીસું થઈ ગયેલ ન હોય નહિતો પશુ લપસીને પડી શકે છે. (ચોમાસામાં જો છાપરામાંથી પાણી ટપકતુ હોય અને જો કોઢને સાફ રાખવામાં ન આવતો હોય તો પાણીનેકારણે પાકુ ભોયતળિયું લીસું થઈ જાય છે.)

**૩)ખરીઃ-** ચોમાસા દરમિયાન ખરીમાં માટી છાણ વગેરેનો ભરાવો થતો હોય છે. જેના લીધે સુક્ષ્મ જીવાણુંનો ખરીમાં વિકાસ થવા લાગે છે. આથી ખરીના રોગો થવાના શકયતા વધી જતી હોય છે.જે પશુપાલકો ઘેટા, બકરાં રાખતા હોય છે તેમણે પણ તેમના જાનવરોની ખરીનું ધ્યાન રાખવું જરૂરી છે. નહિ તો તેમાં "હુફ રોટીંગ ડિસીસ" rotting disease- ખરી કોહવાનો રોગ) થઈ શકે છે. **(ક્રમશઃ)**


ડો. નિતિન પટેલ અને ડો. વિરેન્દ્રકુમાર પરમાર
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,આણંદ કૃષિયુનિવર્સીટી,
અરણેજ, તા.ધોળકા, જી. અમદાવાદ

શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ સહિતના સેવા ક્ષેત્રોમાં સક્રિય કામગીરી


# અમરેલીમાં ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના: કૌશિક વેકરીયા પ્રમુખ તરીકે નિમાયા


















અમરેલી,તા.૦૨

ગોરસ ફાઉન્ડેશન ટ્રસ્ટ-અમરેલીની વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રથમ સાધારણ સભા તા. ૩૧-૦૭-૨૦૨૬ ને શુક્રવારના રોજ દિનેશભાઈ ડી. ભુવાના શિતલ ફાર્મ (ટીંબા ગામ પાસે) ખાતે યોજાઈ હતી. આ સભામાં એજન્ડા મુજબ કાર્યવાહી કરી ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયાની ટ્રસ્ટના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.

ટ્રસ્ટના અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે જયેશભાઈ ઝાપડા, મંત્રી તરીકે જયેશકુમાર ગોંડલીયા, સહમંત્રી તરીકે ઉમેશકુમાર ભંડેરી અને લીગલ એડવાઈઝર તરીકે ડો. જે.આર. વાળાની નિમણૂક કરાઈ છે. ટ્રસ્ટી તરીકે કાળુભાઈ મકનભાઈ ભંડેરી, ભુવા દિનેશભાઈ દકુભાઈ, કેતનકુમાર બળવંતરાય ધોળકીયા,જયસુખભાઈ મનુભાઈ દેસાઈ,વઘાસિયા ભરતભાઈ પ્રાગજીભાઈ, રસિકભાઈ છગનભાઈ પાથર,રાજુભાઈ ભગુભાઈ ધાધલ,ગોંડલીયા ચતુરભાઈ પરસોતમભાઈ,મયુરકુમાર મનસુખભાઈ ગજેરા, ભાવીનભાઈ વિરજીભાઈ લાખાણી, મેવાડા સામતભાઈ સાતાભાઈ,ચૌહાણ જયંતિભાઈ કરશનભાઈ, પોંકીયા જગદીશભાઈ ધીરૂભાઈ, કલ્પેશકુમાર ચતુરભાઈ પટેલ, બાવનીયા દિનેશકુમાર પ્રાણજીવનભાઈ, સગુણાબેન કૌશિકભાઈ વેકરીયાની નિમણુંક કરાઈ છે. આ સાથે જ શહેર અને ગ્રામ્ય વિસ્તારના અગ્રણી ઉદ્યોગપતિઓ, ખેડૂતો અને સમાજસેવકોની કોર કમિટીના ટ્રસ્ટીઓ તરીકે પસંદગી કરવામાં આવી છે.આ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય, પશુ-પક્ષી સંવર્ધન, કૃષિ પર્યાવરણ, જળ સંચય, આપત્તિ વ્યવસ્થાપન, જરૂરિયાતમંદોને સહાય અને માળખાગત સુવિધાઓ જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાકીય કાર્યો કરવામાં આવશે.

# ધોરાજીમાં માત્ર એક વરસાદ પછી વિવિધ રસ્તાની હાલત કફોડી

ધોરાજી,તા.૦૨

ધોરાજી શહેરમાં રસ્તા અને પાણીના પ્રશ્નો ક્યારેય પૂરા થતા નથી. તંત્ર દ્વારા આ પ્રશ્ને ક્યારેક કાયમી નિરાકરણ કરવામાં આવતું ન હોવાથી ધોરાજીની જનતામાં રોષની લાગણી જોવા મળી રહી છે. શહેરમાં ચોમાસાનો વરસાદનો પ્રથમ રાઉન્ડ આવ્યા બાદ વિવિધ રસ્તાની હાલત કફોડી બની છે. જેમાં શહેરના મુખ્ય માર્ગો પર ખાડા પડી જવાને કારણે વાહન ચાલકો અને રાહદારીઓને રોજિંદી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ધોરાજીના યુવા અને સામાજિક અગ્રણી અવિનાશ વઘાસિયા અને પ્રશાંત ચાવડાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ચોમાસાના વરસાદના પ્રથમ રાઉન્ડ બાદ ધોરાજી શહેરમાં અનેક જગ્યાઓએ રોડ રસ્તા તૂટીફૂટી ગયા છે છેલ્લા આઠ દસ દિવસથી વરસાદ નથી તેમ છતાં તંત્ર દ્વારા આ ખાડા પૂરવામાં આવતા નથી. નાગરિક બેંકથી લઈને જેતપુર રોડ તરફ અને નાગરિક બેંકથી ત્રણ દરવાજા, મુખ્ય બજાર, સોની બજાર અને શાક માર્કેટ તરફ જતો મુખ્ય માર્ગ પણ ખાડાઓથી ભરાઈ ગયો છે. આથી શાળાએ જતા વિદ્યાર્થીઓ, મહિલાઓ,



વૃધ્ધો અને વાહન ચાલકોએ આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. હોસ્પિટલથી પોસ્ટ ઓફિસ ચોક સુધી બનેલો સિમેન્ટ રોડ લોકાર્પણ થાય તે પહેલા તૂટી જતા એ રોડ ખોદીને ફરી નવો બનાવો પડ્યો છે. બીજી તરફ સરદાર ચોક તરફનો સિમેન્ટ નો રોડ પણ તંત્ર દ્વારા બનાવવામાં આવ્યો છે. ઉપલેટા રોડ પર સિમેન્ટ રોડ નું કામ ચાલ્યું હતું જેમાં પણ તિરાડો પડી જતા સ્થાનિક લોકોએ ઉહાપોહ કર્યો હતો. બીજી તરફ જુનાગઢ રોડ રેલવે ફાટક પાસે ઓવરબ્રિજ નું કામ ચાલતું હોવાથી ત્યાંથી પસાર થતાં નાના વાહનો માટે પણ સારા વૈકલ્પિક રોડ ની વ્યવસ્થા કરવામાં આવી નથી. નગરપાલિકાના પ્રમુખ પાયલબેન ધોળકિયાએ મીડિયાને જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન વરસાદને કારણે જે રોડ રસ્તા ખરાબ થયા છે. તેને વહેલાસર રીપેર કરવા માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરાશે.

# કોડીનારની જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલના વિદ્યાર્થીઓની કબડ્ડીમાં ઝળહળતી સિધ્ધિ

કોડીનાર,તા.૦૨

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ એસ.જી.એફ.આઈ. અંતર્ગત આયોજિત તાલુકા કક્ષાની U-૧૪ કબડ્ડી સ્પર્ધામાં સોમનાથ સાયન્સ એકેડેમી, કોડીનાર સંચાલિત જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમત કૌશલ્ય અને ટીમભાવના સાથે



દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ શ્રેષ્ઠ સિધ્ધિના પરિણામે શાળાના પાંચ ખેલાડીઓની જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધા માટે પસંદગી થઈ છે, જે શાળાની ગુણવત્તાસભર તાલીમ દર્શાવે છે.આ તકે સંસ્થાના પ્રમુખશ્રી કરસનભાઈ સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર શ્રી કુણાલભાઈ સોલંકી, સ્પોર્ટ્સ ડાયરેક્ટર સંજયભાઈ સોલંકી, આચાર્યશ્રી જગમાલભાઈ નંદાણીયા તથા શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓ અને કોચને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# દિલ્હીમાં અમરેલી જિલ્લાની સહકારી મંડળીઓના કર્મચારીઓની તાલીમનું આયોજન

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શનમાં જિલ્લાની સહકારી સંસ્થાઓના ૪૧ મંત્રી/ મેનેજર, ડાયરેક્ટર અને કર્મચારીઓને ૩ દિવસીય ઈફકોની ફર્ટિલાઇઝર માર્કેટિંગ અને મેનેજમેન્ટ ટેકનોલોજીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં આ ત્રણ દિવસીય



પ્રશિક્ષણ તાલીમનો પ્રારંભ કરવામાં આવેલ હતો. આ પ્રસંગે ડી.જી. એમ ડૉ. આર. પી એસ. યાદવ, ડી. જી. એમ. સસ્મિતા બીરાબર, સંઘના ડાયરેક્ટર જીગ્નેશભાઈ રામાણી, સુનિલભાઈ સંઘાણી, અમર ડેરીના ડાયરેક્ટર કમલેશભાઈ સંઘાણી સિનિયર મેનેજર ખોજાભાઈ, સંઘના એજ્યુકેટિવ ભાર્ગવ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી ખાતે સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાની પુણ્યતિથિ નિમિતે રક્તદાન કેમ્પ યોજાયો



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૦૨

ધોરાજી શહેર ખાતે સૌરાષ્ટ્ર ના લોક લાડીલા નેતા સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયા ની સાતમી પુણ્યતિથિ નિમિતે ધોરાજી લેઉવા પટેલ સાંસ્કૃતિક ભુવન ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો.જેમાં સહકારી પરીવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું રક્તદાન માટે ધોરાજી શહેરે ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું.

# ઓબીસી વિદ્યાર્થીઓને "ફ્રી શીપ કાર્ડ" નો લાભ આપવા મુખ્યમંત્રીને રજુઆત

કોડીનાર,તા.૦૨

અખિલ ભારતીય કોડીનાર તાલુકા ઘેડીયા કોળી સમાજના પ્રમુખ અરસીભાઈ સોલંકીએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (OBC/SEBC)ના વિદ્યાર્થીઓને "ફ્રી શીપ કાર્ડ" યોજનાનો લાભ આપવા મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે, ગુજરાત સરકાર દ્વારા હાલમાં અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં જેમ કે એન્જિનિયરિંગ, મેડિકલ, ફાર્મસી વગેરેમાં પ્રવેશ મેળવતી વખતે ફી માટે "ફ્રી શીપ કાર્ડ" યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત ગરીબ અને મધ્યમવર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓએ એડમિશન સમયે મોંઘી ફી ભરવી પડતી નથી અને તેમની ફી સીધી સરકાર દ્વારા કોલેજને ચુકવવામાં આવે છે. આવી જ પરિસ્થિતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની પણ છે, ઓબીસી વર્ગના ઘણા પરિવારો આર્થિક રીતે નબળા છે જેના કારણે તેમના સંતાનો ઉચ્ચ શિક્ષણની મોઘી ફી શરૂઆતમાં ભરી શકતા નથી.


**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૭૫/૨૦૨૬

શ્રી ધનસુખભાઈ ગોબરભાઈ સિધોતરિયા,
રહે. માલીડા, તા.ભેસાણ જી.જૂનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી – માલીડા,
તા. ભેસાણ, જી. જૂનાગઢ .......પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ધનસુખભાઈ ગોબરભાઈ સિધોતરિયા દ્વારા તેઓના કાકાશ્રી વશરામભાઈ બેચરભાઈ સિધોતરિયાનું અવસાન તા. ૦૧/૦૮/૧૯૭૪ ના રોજ ગામ મોજે: માલીડા, તા.ભેંસાણ, જિ. જૂનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, માલીડા, તા.ભેંસાણ, જિ.જૂનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ



**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૮૦/૨૦૨૬

શ્રી રામજીભાઈ ભનુભાઈ હુંમ્મર,
રહે. સુરત, ઠે. બી ૧-૧૦૨, પુજન રસીડેન્સી, પુણા,
વનમાળી સોસાયટીની પાસે, સુરત-૩૯૫૦૧૦ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેસાણ,
તા. ભેસાણ, જી. જૂનાગઢ .......પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રી રામજીભાઈ ભનુભાઈ હુંમ્મરનો જન્મ તા. ૨૬/૦૬/૧૯૬૯ ના રોજ ગામ/મોજે:- ભેસાણ નોંધ ગ્રામ પંચાયત કચેરી– ભેસાણ, તા. ભેસાણ, જિ. જૂનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૦ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ


# કોડીનારની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં માનવ તસ્કરી વિશે જાગૃતિ સેમિનાર યોજાયો

કોડીનાર,તા.૦૨

કોડીનારમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શનમાં તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિશ્વ માનવ તસ્કરી વિરોધ દિવસ નિમિત્તે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓને માનવ તસ્કરી શું છે, તેના વિવિધ સ્વરૂપો, તેના કારણો, સમાજ પર થતી ગંભીર અસરો તથા તેનાથી બચવા માટે



રાખવાની સાવચેતીઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને બાળકી અને મહિલાઓને નિશાન બનાવી કરવામાં આવતી માનવ તસ્કરી, સોશિયલ મીડિયા દ્વારા થતી છેતરપિંડી, ખોટી નોકરીની લાલચ અને બાળ મજૂરી જેવા મુદ્દાઓ અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા.સેમિનારમાં પીડિત વ્યક્તિઓના અધિકારો, સરકાર દ્વારા ઉપલબ્ધ કાનૂની સુરક્ષા, નિ:શુલ્ક કાનૂની સહાય તથા પુનર્વસનની વ્યવસ્થાઓ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે વ્યક્તિ અંગે સમયસર પોલીસ અથવા સંબંધિત સત્તાધિકારીઓને જાણ કરવાની અપીલ કરવામાં આવી. આ તકે કોડીનાર કોર્ટના પીએલવી પ્રકાશ મકવાણા, આચાર્ય નિમુબેન ચાવડા, બી.જે દહીમા વગેરે સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી.

# અમરેલી જિલ્લામાં રાજ્યના સિઝનના સરેરાશથી પણ વધુ વરસાદ

અમરેલી, તા.૦૨



અમરેલી સહિત રાજ્યમાં ચોમાસાના ત્રીજા રાઉન્ડમાં મેઘરાજા મહેરબાન થયા છે. આ દરમિયાન રવિવારે સવારે ૬ વાગ્યા સુધીના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજ્યમાં સિઝનનો સરેરાશ ૬૮.૫૮ ટકા વરસાદ થયો છે, જેની સામે અમરેલીમાં સિઝનનો સરેરાશ ૭૧.૫૨ ટકા વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં સિઝન મુજબ જોવામાં આવે તો કચ્છમાં સૌથી ઓછો ૨૮.૨૯ ટકા સરેરાશ વરસાદ પડ્યો હતો. જ્યારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૯૫.૦૩ ટકા વરસાદ પડી ચુક્યો છે. ઉત્તર ગુજરાતમાં ૫૦.૧૨ ટકા, પૂર્વ મધ્યમાં ૬૫.૦૬ ટકા અને સૌરાષ્ટ્રમાં ૫૩.૬૮ ટકા સરેરાશ વરસાદ નોંધાયો હતો. રવિવારે સવાર સુધીના આંકડા પ્રમાણે, અમરેલીમાં ૭૬.૦૧ ટકા, બાબરામાં ૫૬.૦૧ ટકા, બગસરામાં ૬૭.૮૫ ટકા, ધારીમાં ૬૧.૩૩ ટકા, જાફરાબાદમાં ૫૩.૨૬ ટકા, ખાંભામાં ૭૬.૯૫ ટકા, લાઠીમાં ૬૪.૪૧ ટકા, લીલીયામાં ૮૧.૨૮ ટકા, રાજુલામાં ૯૪.૧૩ ટકા, સાવરકુંડલામાં ૭૮.૮૭ ટકા અને કુંકાવાવ વડીયામાં ૭૩.૮૪ ટકા જેટલો સિઝનનો સરારેશ વરસાદ પડ્યો હતો.

### અમરેલી જિલ્લાના ડેમની શું છે સ્થિતિ

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર મુજબ રાજુલાનો ધાતરવાડી,સાવરકુંડલાનો સુરજવાડી અને રાજુલાનો ધાતરવાડી-૨ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા હતા. ધારીનો ખોડીયાર ડેમ ૯૬ ટકાથી વધુ, ખાંભાનો રાયડી ડેમ ૯૫ ટકાથી વધુ ભરાયેલા હતા. સાવરકુંડલાનો શેલ દેદુમલ ડેમ વોર્નિંગ પર રાખવામાં આવ્યો હતો.

### સૌરાષ્ટ્રના કયા જિલ્લામાં કેટલો સરેરાશ વરસાદ

સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી ઓછો અને સુરેન્દ્રનગરમાં સૌથી વધુ સરેરાશ વરસાદ પડ્યો છે. સુરેન્દ્રનગરમાં ૮૦.૨૮, રાજકોટમાં ૪૪.૩૨ ટકા, મોરબીમાં ૭૭.૫૩ ટકા, જામનગરમાં ૨૭.૭૭ ટકા, દેવભૂમિ દ્વારકામાં ૬.૨૪ ટકા, પોરબંદરમાં ૧૬.૮૬ ટકા, જૂનાગઢમાં ૫૪.૦૧ ટકા, ગીર સોમનાથમાં ૪૫.૦૭ ટકા, અમરેલીમાં ૭૧.૫૨ ટકા, ભાવનગરમાં ૬૮.૦૩, બોટાદમાં ૬૬.૬૫ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

**રાજ્યના સરેરાશ ૬૮.૫૮ ટકા સામે જિલ્લામાં ૭૧.૫૨ ટકા વરસાદ**

## સુરતમાં ફ્લેટમાંથી રૂ.૫.૮૧ લાખના એમડી ડ્રગ્સ સાથે મિનિ કારખાનું ઝડપાયું

સુરત,તા.૨

સુરત શહેર પોલીસના 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' અભિયાન અંતર્ગત ઉત્રાણ પોલીસે એમડી ડ્રગ્સના નેટવર્ક પર મોટી કાર્યવાહી કરી છે. પોલીસે બાતમીના આધારે પહેલા જાહેર રોડ પરથી અને ત્યારબાદ આરોપી કેતન કાનજીભાઈ પટેલ ઉર્ફે વકીલના ઘરે દરોડો પાડીને કુલ ૫૩.૩૪ ગ્રામ એમડી ડ્રગ્સ જપ્ત કર્યું છે. આ સર્ચ ઓપરેશન દરમિયાન ડ્રગ્સ, વાહનો, એપ્સમ સોલ્ટ, ઈલેક્ટ્રોનિક વજનકાંટા અને પેકિંગ સાધનો સહિત કુલ રૂ. ૫.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો છે. આરોપી સામે અગાઉ પણ એનડીપીએસ અને છેતરપિંડીના ગુના નોંધાયેલા છે. પોલીસે મુખ્ય સપ્લાયર્સ મુસ્તિક પટેલ અને મુન્નાભાઈને વોન્ટેડ જાહેર કરી સમગ્ર ડ્રગ્સ રેકેટના નેટવર્ક અંગે આગળની સઘન તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ-મેંદરડા હાઈવે પર માર્ગ અકસ્માતમાં કારની ટક્કરે બાઈકસવાર યુવકનું કરુણ મોત

જૂનાગઢ,તા.૨



જૂનાગઢ-મેંદરડા હાઈવે પર સોનારડી ગામ નજીક એક કાળજું કંપાવી દેનારી માર્ગ દુર્ઘટના સર્જાઈ હતી. એક જ બાઈક પર સવાર થઈને જઈ રહેલા ત્રણ મિત્રોને પૂરઝડપે આવતી કારે કાળમુખી ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં સાગર નંદાણીયા નામના યુવકનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નીપજ્યું હતું, જ્યારે તેના બે મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે ખસેડાયા છે.અત્યંત મર્માહત કરનારી બાબત એ છે કે, મૃતક સાગરે દુર્ઘટનાના ગણતરીના કલાકો પહેલાં જ સોશિયલ મીડિયા પર 'કલ કોઈ મુઝકો યાદ કરે...' ગીત સ્ટેટસમાં મૂક્યું હતું, જે કમનસીબે તેની જિંદગીનું અંતિમ સ્ટેટસ સાબિત થયું હતું.મૃતક જૂનાગઢના મધુરમ વિસ્તારમાં પાનનો ગલ્લો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના અકાળ અવસાનથી માત્ર ૬ માસના માસૂમ પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે

## રાજકોટમાં જૂનું જર્જરિત મકાન ધરાશાયી થતાં એક વ્યક્તિનું મોત

રાજકોટ,તા.૨

રાજકોટના બેડીપરા વિસ્તારમાં આવેલી શ્રમજીવી સોસાયટીમાં રામજી મંદિર ચોક પાસે મોડી રાત્રે એક જૂનું અને જર્જરિત મકાન અચાનક ધડાકાભેર તૂટી પડ્યું હતું. ચોમાસાના વરસાદને કારણે જર્જરિત થયેલું આ મકાન ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ, ૧૦૮ ઈમરજન્સી સેવા અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગના જવાનોએ જેસીબી મશીનની મદદથી કાટમાળ હટાવીને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. કાટમાળ નીચેથી અજયભાઈ કુરજીભાઈ બેલદાર નામના વ્યક્તિને બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ ઘટનાએ શહેરમાં આવેલ જોખમી મકાનો સામે તંત્રની નિષ્ક્રિયતા અંગે ફરી ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## રાજ્યમાં આશરે ૨૦,૦૦૦થી વધુ મહિલાઓ દારૂના નશાની બંધાણી

અમદાવાદ,તા.૨



ગાંધીના ગુજરાતમાં દાયકાઓથી કડક દારૂબંધી હોવાના દાવાઓ થાય છે, પરંતુ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) ના તાજેતરના આંકડાઓએ આ દાવાની પોલ ખોલી નાખી છે. રાજ્યમાં આશરે ૨૦,૦૦૦ થી વધુ મહિલાઓ દારૂના નશાની બંધાણી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને પંજાબ જેવા બિન-દારૂબંધીવાળા રાજ્યોની જેમ ગુજરાતમાં પણ દારૂ પીનારી મહિલાઓની ટકાવારી ૦.૩% જ નોંધાઈ છે. આ સમાનતા સ્પષ્ટ દર્શાવે છે કે કાયદો હોવા છતાં જમીની હકીકતમાં કોઈ મોટો તફાવત રહ્યો નથી. છડેચોક વેચાતો દારૂ અને બુટલેગરોનો બેફામ કારોબાર હવે ઘરની મહિલાઓ સુધી પહોંચી ગયો છે, જે ગુજરાતના સામાજિક તાણાવાણા અને સંસ્કૃતિ માટે ગંભીર ચિંતાજનક બાબત છે. દારૂબંધીનો કાયદો હવે માત્ર કાગળ પર સીમિત રહી ગયો છે.

## બાબરાના મોટા દેવળીયાના તળાવમાં ડૂબવાથી ૧૩ વર્ષીય કિશોરનું મોત

અમરેલી,તા.૦૨



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોટા દેવડીયા ગામે આવેલ તળાવમાં ૧૩ વર્ષીય સગીર બાળક પાણીમાં ગરકાવ થયો હોવાની કંટ્રોલરૂમ ખાતે ટેલિફોનિક જાણ મળતાં જ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઈનચાર્જ ફાયર ઓફિસર હિંમતભાઈ બાંભણિયાની આગેવાની હેઠળ 'અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસ'ની ટીમ તાત્કાલિક સ્થળ પર ધસી ગઈ હતી.સ્થાનિક તળાવના ઊંડા પાણીમાં પોતાની સૂઝબૂઝ અને જીવના જોખમે ફાયર ફાઈટરોએ સતત ૪ કલાક સુધી આકરું અને સાહસપૂર્ણ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. અંતે, ભારે મહેનત બાદ બાળકનો મૃતદેહ શોધી બહાર કાઢવામાં આવ્યો હતો.મૃતકની ઓળખ મૂળ મોટા દેવડીયા ગામના ભરતભાઈ મેરામભાઈ બોહારીયા (ઉંમર આશરે ૧૩ વર્ષ) તરીકે થઈ છે. ઘટના અંગે કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહને ઉત્તર-પરીક્ષણ (પોસ્ટમોર્ટમ) અર્થે સ્થાનિક પોલીસ વિભાગને સોંપવામાં આવ્યો છે.આ જોખમી રેસ્ક્યુ કામગીરીમાં કર્મનિષ્ઠ કર્મચારીઓ સાગરભાઈ પુરોહિત, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, જગદીશભાઈ ભુરીયા અને મહેન્દ્રસિંહ રાઠોડે અપ્રતિમ નિષ્ઠા અને સાહસનો પરિચય આપ્યો હતો.

## મહેસાણામાં વિદેશ મોકલવાના નામે ૨૦ લાખની છેતરપિંડી કરાઈ

મહેસાણા,તા.૨




મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ખરોડ ગામના એક વ્યક્તિને તેમના પુત્ર અને પુત્રવધૂને કેનેડાના વર્ક પરમિટ વિઝા પર મોકલવાની લાલચ આપી ૨૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે. આરોપી ઋત્વિક પટેલે વિશ્વાસ કેળવીને ટુકડે-ટુકડે રકમ વસૂલી હતી, પરંતુ વિઝા અપાવ્યા નહોતા. બાદમાં ૬ લાખ રૂપિયા પરત આપ્યા પછી પણ બાકીના ૧૪ લાખ રૂપિયા ચૂકવ્યા વગર ફરાર થઈ ગયો હતો.

ઠગાઈનો ભોગ બનેલા વ્યક્તિએ લાડોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઋત્વિક પટેલ સામે વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બાળ તસ્કરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો

વડોદરા,તા.૨

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે નેશનલ હાઈવે-૪૮ પર આવેલી હોટલ પાસેથી પતિ-પત્નીની ધરપકડ કરી બાળ તસ્કરીના ગંભીર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. મુંબઈમાં રૂ.૩ લાખમાં વેચવા લઈ જવાતા ૨૩ દિવસના નવજાત બાળકને પોલીસે સુરક્ષિત બચાવી લીધું છે. તપાસમાં બહાર આવ્યું કે સાબરકાંઠાના ગરીબ પરિવારના આ બાળકનો જન્મ ૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ દાંતાની હોસ્પિટલમાં થયો હતો. આરોપીઓએ બાળક પહોંચાડવા માટે ૨૦ હજાર રૂપિયાનું કમિશન નક્કી કર્યું હતું. મુખ્ય સૂત્રધાર સુનિલ રાવળે છેલ્લા દોઢ મહિનામાં અન્ય ત્રણ બાળકોને પણ મુંબઈ વેચ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગીરસોમનાથમાં રૂ. ૫ લાખના તોડના આક્ષેપથી પોલીસ બેડામાં ખળભળાટ

ગીરસોમનાથ,તા.૨



ગીર સોમનાથ જિલ્લાના કાજલી-બાદલપરા નજીક આવેલી હોટલ રોયલ મેન્શનમાં એલસીબી દ્વારા પાડવામાં આવેલા જુગારના દરોડામાં નવો મોટો વળાંક આવ્યો છે. આ દરોડા દરમિયાન સ્થળ પર હાજર એક મહિલા પીએસઆઈ પાસેથી આશરે રૂપિયા પાંચ લાખનો તોડ કરવાનો અને ગેરરીતિ આચરવાનો ગંભીર આક્ષેપ થયો હતો. મહિલા પીએસઆઈની રજૂઆત બાદ હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં ગેરરીતિના પુરાવા મળતાં જૂનાગઢ રેન્જ આઈજી રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ એસઓજીના પીએસઆઈ ડી.એમ. કાગડા અને એલસીબીના તત્કાલીન પીએસઆઈ એચ.એલ. જેબલિયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. આ કડક કાર્યવાહીથી ગીર સોમનાથ પોલીસ વિભાગમાં ભારે ચર્ચા જાગી છે અને આગળની કાયદેસરની તપાસ ચાલુ હોવાથી વધુ અધિકારીઓ સામે પણ પગલાં લેવાઈ શકે છે.


## રાજ્યમાં ૭ ઓગસ્ટ સુધી સાર્વત્રિક વરસાદની સંભાવના

અમદાવાદ,તા.૨

દક્ષિણપૂર્વ રાજસ્થાન પર સક્રિય નીચા દબાણના ક્ષેત્ર અને ઓફ-શોર ટ્રફના સંયુક્ત પ્રભાવને કારણે ગુજરાતમાં ૭ ઓગસ્ટ સુધી વરસાદી માહોલ યથાવત રહેશે. બનાસકાંઠાના વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. રાજ્યના બાકીના વિસ્તારો જેવાં કે અમદાવાદ, ગાંધીનગર, સુરત અને રાજકોટમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.વરસાદ દરમિયાન ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે વીજળી પડવાની શક્યતા હોવાથી નાગરિકોને સુરક્ષિત સ્થળે રહેવા જણાવાયું છે. ખેડૂતો અને માછીમારોને જરૂરી સાવચેતી રાખવા અને અનાવશ્યક મુસાફરી ટાળવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ભુજનું ઐતિહાસિક દેશલસર તળાવ બન્યું ગટરનું ખાબોચિયું

(એચ.એસ.એલ),ભુજ,તા.૨



કચ્છના ભુજ શહેરનું ઐતિહાસિક દેશલસર તળાવ તંત્રની ઘોર ઉપેક્ષાને લીધે આજે ગટરના ખાબોચિયામાં ફેરવાઈ ગયું છે. વરસાદી પાણી મેળવવાના બદલે આ ધરોહર ગંદકી અને જળકુંભીથી ઢંકાઈ ગઈ છે. સામાજિક અને ધાર્મિક એકતાનું પ્રતીક ગણાતા આ તળાવ કિનારે આવેલા કૂવાઓનું પાણી એક સમયે પીવા માટે વપરાતું હતું. અગાઉ નગરપાલિકાએ બ્યુટિફિકેશન માટે દિલ્હીની સંસ્થાને કામ સોંપ્યું હતું, પરંતુ તેણે માત્ર બહાર ફેન્સિંગ કરીને સંતોષ માન્યો હતો. ગટરના પાણીનો કાયમી નિકાલ અને જળકુંભી હટાવવા જેવા મુખ્ય પ્રશ્નો આજે પણ વણઉકેલાયેલા છે. ચોમાસામાં ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક નાગરિકોએ વહીવટી તંત્ર પાસે યુધ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરી તળાવને પુનર્જીવિત કરવાની માંગ કરી છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com